RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 109* Date: 15.02.2021 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### પૂર્વ રાષ્ટ્રપતિ કેપિટલ હિલ હિંસામાં લોકોને ઉશ્કેરવાના આરોપમાંથી મુક્ત

# અમેરિકન સંસદમાં હિંસાઃ સેનેટે ટ્રમ્પને આપી ક્લીન ચીટ

**ટ્રમ્પ ફરી મહાભિયોગથી બચ્યાં, વિરુદ્ધમાં ૫૭ અને પક્ષમાં ૪૩ વોટ પડ્યા, પરંતુ બે તૃતીયાંશ બહુમતી ન થવાથી મહાભિયોગ નહીં ચાલે, રિપબ્લિકન પાર્ટીના માત્ર ૭ સાંસદોએ પ્રસ્તાવના સમર્થનમાં આપ્યો વોટ, ડેમોક્રેટ ૧૭ મત મેળવી ના શકતા પ્રસ્તાવ પડ્યો**




*વૉશિંગ્ટન,તા.૧૪*

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને બીજી વખત મહાભિયોગની કાર્યવાહીમાંથી છૂટકારો મળ્યો છે. ૬ જાન્યુઆરીએ અમેરિકાની સંસદ કેપિટલ બિલ્ડિંગમાં થયેલા તોફાનોને લઈને ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગની કાર્યવાહી હાથ ધરાઈ અને સેનેટમાં મતદાન થયું હતું. સેનેટમાં થયેલા મતદાનમાં ૫૭ સેનેટરોએ ટ્રમ્પને દોષી તેમજ ૪૩ સેનેટરોએ નિર્દેષ ગણાવતા મત આપ્યો હતો. સેનેટમાં ટ્રમ્પને દોષી ઠેરવવા માટે સેનેટરોની બે તૃતિયાંશ બહુમતિ નહીં મળતા ટ્રમ્પ નિર્દોષ ઠર્યા છે. અગાઉ પણ ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને તેમાં તેમને મુક્તિ મળી હતી.

પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ નિર્ણયને આવકાર્યો હતો અને પોતાની વિરુદ્ધ ચાલી રહેલી આ કાર્યવાહીને યુએસના ઈતિહાસમાં સૌથી ખરાબ વિચહન્ટનો બીજો તબક્કો હોવાનું ગણાવ્યું હતું રાજકારણમાં પોતાનો દબદબો જાળવી રાખવા તેમજ હવે પછીની ચૂંટણીમાં ઝંપલાવવાનો ઈરાદો વ્યક્ત કરતા ટ્રમ્પે જણાવ્યું કે, મેક અમેરિકા ગ્રેટ માટે દેશભક્ત અને સુંદર અભિયાન હવે શરૂ થયું છે. વ્હાઈટ હાઉસ છોડ્યા બાદ ટ્રમ્પ ફ્લોરિડામાં પોતાના ક્લબમાં રહી રહ્યા છે.

ટ્રાયલ વખતે સેનેટના રિપબ્લિકન નેતા એમ મૈકકોનેલે પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગની સુનાવણીમાં તેમના પક્ષમાં મતદાન કરવાની જાહેરાત કરી હતી. કેસની સુનાવણી વખતે શનિવારે ગૃહમાં અંતિમ ચર્ચા પૂર્વે કેટલાક કલાકો માટે કાર્યવાહી ખોરવાઈ હતી. આશ્ચર્યની વાત એ છે કે સેનેટ સભ્ય કેસમાં સાક્ષીઓને બોલાવવા ઈચ્છતા હતા.

હાઉસના ઈમ્પીચમેન્ટ મેનેજર જેમી રસ્કિને જણાવ્યું કે તેઓ એક રિપબ્લિકન સાંસદને સાક્ષી તરીકે બોલાવવા ઈચ્છતા હતા, પરંતુ ટ્રમ્પના બચાવ પક્ષના વકીલો સાથે સહતમત થયા હતા કે તેમની જુબાનીમાં પુરાવા રજૂ કરવામાં આવે. પ્રાપ્ત વિગતો મુજબ ટ્રમ્પના વકીલોએ પોતાના સાક્ષીઓને બોલાવવાની ધમકી આપી હતી, જેમાં ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિ, પ્રતિનિધિ સભાના ડેમોક્રેટ સ્પીકર, નેન્સી પેલોસી અને અન્ય લોકો સામેલ હતા. સેનેટે સાક્ષીઓને બોલાવવાની મંજૂરી માટે ૫૫-૪૫ વોટ આપ્યા હતા. જો કે સેનેટરો, હાઉસ પ્રોસિક્યુટર્સ તેમજ બચાવ પક્ષના વકીલોએ સમજૂતિને રદ કરી હતી.

રિપબ્લિકન્સે પણ ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગની કાર્યવાહી કરવા મતદાન કર્યું હતું. જો કે સેનેટમાં નવા રાષ્ટ્રપતિ જો બાઈડેનનો પક્ષ ડેમોક્રેટ્સ બહુમતિ નહીં ધરાવતો હોવાથી ટ્રમ્પને દોષી ઠેરવવા માટે ૬૭ મત મેળવવામાં અસફળ રહ્યા હતા.

ટ્રમ્પ પર ૬ જાન્યુઆરીએ યુએસ સંસદ ભવન (કેપિટોલ) માં તોફાનોનો આરોપ હતો, જેમાં પાંચ લોકોના મોત થયા હતા. જોકે તેમણે આ આરોપને નકારી દીધો હતો. દરમિયાન મોટાભાગના રિપબ્લિકન ધારાસભ્યોએ સંકેત આપ્યો છે કે તેઓ ટ્રમ્પને દોષી ઠેરવવા માટે મતદાન નહીં કરે. મહાભિયોગની સુનાવણીના ઝડપી નિષ્કર્ષ માટે ચાર કલાકથી પણ ઓછો સમય લીધો.

ત્યારબાદ સેનેટરોને બંને પક્ષોના પ્રશ્નો પૂછવા માટે ચાર કલાકનો સમય આપવામાં આવ્યો હતો. આ પહેલા સેનેટરોએ સંસદમાં બે દિવસીય બેઠક યોજી હતી જેમાં વીડિયો અને ઓડિયો ફૂટેજની તપાસ કરવામાં આવી હતી. ડેમોક્રેટિક વકીલોએ બતાવવાની કોશિશ કરી કે ટ્રમ્પ હિંસા ભડકાવવાનું વલણ ધરાવે છે. તેમણે તોફાનોને રોકવા માટે કંઈ જ કર્યું ન હતું, ન કોઈ દુઃખ વ્યક્ત કર્યું, ન કોઈ દુઃખ વ્યક્ત કર્યું.

## જમ્મુમાં મોટું આતંકવાદી કાવતરું નિષ્ફળ, ૭ કિલો વિસ્ફોટકોનો જથ્થો જપ્ત

શ્રીનગર,તા.૧૪

પુલવામા હુમલાની બીજી વરસી પર જમ્મુ-કાશ્મીરમાં મોટા આતંકવાદી હુમલાને નિષ્ફળ બનાવવામાં આવ્યો છે. જમ્મુ શહેરમાં બસ સ્ટેન્ડ નજીક ૭ કિલો વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યા છે. જે બાદ હાલ સમગ્ર વિસ્તારમાં સુરક્ષા જવાનોનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

બીજી તરફ જમ્મુમાં આતંકવાદી ગતિવિધિની ઘટના બાદ સુરક્ષા એજન્સી પણ સતર્ક બની ગઈ છે. લશ્કર-એ-મુસ્તફાના આતંકવાદી મલિકની ધરપકડ અને સાંબામાં સુરંગ અને હથિયારોનું મળવું દર્શાવે છે કે, કાશ્મીરમાં પક્કડ ગુમાવી ચૂકેલા આતંકવાદી સંગઠનો હવે જમ્મુમાં ષડયંત્ર રચી રહ્યાં છે.

જણાવી દઈએ કે, પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI માટે જમ્મુ વિસ્તારનો સાંબા જિલ્લો ઘુસણખોરી અને હથિયારોને હેરાફેરી માટે સોફ્ટ ટાર્ગેટ બની રહ્યો છે. ઈન્ટરનેશનલ સરહદ હાઈવેના નજીક હોવાથી આતંકવાદીઓ લાભ ઉઠાવી રહ્યાં છે. જો કે આર્ટીકલ ૩૭૦ હટ્યા બાદ સેના અને પોલીસની સતર્કતાથી આતંકવાદીઓને નિષ્ફળતા સાંપડી રહી છે. સાંબા જિલ્લામાં હજુ પણ અનેક ઓવર ગ્રાઉન્ડ વર્કર કામ કરી રહ્યાં છે, જે પોલીસની પકડથી દૂર છે.

અગાઉ હીરાનગરના રસાનામાં ડ્રોનથી હથિયાર ઉતારવામાં આવ્યા હતા. આ હથિયાર ઉઠાવનારાને પોલીસે ઝડપી પાડ્યો હતો. તેને રસાનામાં એ જગ્યાએ લઈ જવામાં આવ્યો, જયાંથી તેણે હથિયાર ઉઠાવ્યા હતા. જે બાદ કાજીગુંડમાં પણ બે લોકોએ એક ટ્રકમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા. જેમની પાસેથી હથિયારો કબ્જે કર્યા હતા.

### આસામમાં રાહુલ ગાંધીએ ચૂંટણી રેલી સંબોધી

## અમે બે અને અમારા બે'ની સરકાર સાંભળી લે, આસામમાં સીએએ લાગુ નહીં થાય



*શિવસાગર,તા.૧૪*

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આસામમાં આજથી વિધાનસભા ચૂંટણી માટેનો પ્રચાર શરુ કરી દીધો છે. આજે રાહુલ ગાંધીએ એક રેલીને સંબોધન કરતા કહ્યુ હતુ કે, ઘૂસણખોરી મોટી સમસ્યા છે પણ આસામના લોકો તેનો ઉકેલ લાવવા માટે સક્ષમ છે. અમે બે અને અમારા બે વાળી મોદી સરકાર સાંભળી લે કે નાગરિકતાનો કાયદો ક્યારેય અમલમાં નહીં આવે. રાહુલ અને કોંગ્રેસના બાકીના નેતાઓ સ્ટેજ પર "NO CAA" લખેલો ખેસ પહેરેલ નજરે પડ્યા હતા.

તેમણે પીએમ મોદી અને ગૃહ મંત્રી અમિત શાહ પર આડકતરો પ્રહાર કરતા કહ્યુ હતુ કે, અમે બે અને અમારા બે આસામને ચલાવી રહ્યા છે અને આસામને લૂંટી લેવા માંગે છે. જેઓ અહીંયા નફરત ફેલાવવાની કોશિશ કરી રહ્યા છે તેમને અહીંના લોકો અને કોંગ્રેસ પાઠ ભણાવશે. કોંગ્રેસ નાના વેપારીઓ, સમાજના નબળા વર્ગના લોકો, મજૂરોની પાર્ટી છે.

તેમણે કહ્યું, અમે સત્તા પર આવ્યા તો અહીંયા જે નફરત ફેલાવાઈ રહી છે તેને ખતમ કરીશું અને તમામ ધર્મના લોકો અને જાતિની રક્ષા કરીશું.૨૦૦૪ થી ૨૦૧૪ સુધી યુપીએની સરકારે દેશના કરોડો લોકોને ગરબીમાંથી બહાર કાઢ્યા છે.આસામમાં અમારી સરકાર બેરોજગારી ખતમ કરશે.રાહુલ ગાંધીએ કહ્યુ તહુ કે, રિમોટ થી ટીવી ચાલી શકે છે પણ આસામ ચાલી શકે નહીં.અત્યારના ચીફ મિનિસ્ટર દિલ્હીના ઈશારા પર ચાલી રહ્યા છે અને એટલે જ આ સરકારને હવે હટાવવાની છે.

### પુલવામા વરસીઃ ઓમર-ફારુક-મુફ્તિ ફરી નજરકેદ કરાયા

શ્રીનગર,તા.૧૪

જમ્મુ-કાશ્મીર પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લા અને તેમના પુત્ર ઓમર અબ્દુલ્લાને નજરકેદ કરવામાં આવ્યા છે. ઓમર અબ્દુલ્લાએ ટ્વીટ કરી આ જાણકારી આપી. એ સિવાય પૂર્વ મુખ્યમંત્રી અને પીડીપી પ્રમુખ મહેબૂબા મુફ્તિને કાલે પુલવામાં જવાની મંજુરી નથી આપવામાં આવી.

ઓમર અબ્દુલ્લાએ ટ્વીટ કર્યું કે, આ ઓગસ્ટ ૨૦૧૯ બાદનું નવું જમ્મુ કાશ્મીર છે. કંઈ પણ જણાવ્યું વિના અમને અમારા ઘરોમાં બંધ કરી દેવામાં આવ્યા છે. આ ખૂબ ખરાબ બાબત છે. તેમણે મારા સાંસદ પિતા અને મને મારા જ ઘરમાં કેદ કરી દેવામાં આવ્યા છે. એવી જ રીતે મારી બહેન અને તેમના બાળકોને તેમના ઘરમાં જ કેદ કરવામાં આવ્યા છે.

## ચમોલી રેસ્ક્યુઃ તપોવન સુરંગમાંથી મળ્યા વધુ ૧૨ શબ, મૃતકઆંક વધીને ૫૦



ચમોલી,તા.૧૪

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ગત ૭ ફેબ્રુઆરીના રોજ ગ્લેશિયર તૂટવાના કારણે આવેલા પૂરમાં મરનારા લોકોની સંખ્યા વધીને ૫૦ થઈ ગઈ છે. આ દુર્ઘટના બાદ રેસ્ક્યુ ઓપરેશન સતત ચાલી રહ્યું છે. રવિવારે સવારે રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન તપોવન સુરંગમાંથી વધુ ૧૨ શબ મળી આવ્યા હતા જેથી આ દુર્ઘટનામાં મરનારા કુલ લોકોનો આંકડો ૪૩એ પહોંચ્યો છે.

ચમોલીના જિલ્લાધિકારી સ્વાતિ એસ ભદૌરિયાએ શનિવારે એનટીપીસી ટનલમાં ૧૩૬ મીટર સુધી ખોદકામ થઈ ગયું હોવાની માહિતી આપી હતી. શુક્રવારે પણ એક મૃતદેહ હાથ લાગ્યો હતો. ગાયબ થયેલા ૨૦૪ લોકોમાંથી ૩૮ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા જ્યારે બે લોકોને જીવતા બહાર કાઢવામાં આવ્યા હતા અને હજુ પણ રાહતકાર્ય ચાલી રહ્યું છે.

રવિવારે સવારે વધુ ૫ મૃતદેહ હાથ લાગવા સાથે મૃતકઆંક ૪૩ થઈ ગયો છે અને ટનલમાંથી કાટમાળ, કીચડ ખસેડવાનું કામ હજુ પણ ચાલુ છે. હજુ પણ કેટલાક લોકો ટનલમાં ફસાયેલા હોવાની આશંકા સેવાઈ રહી છે. ગ્લેશિયર તૂટ્યા બાદ ચમોલીનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે.

## સતત સાતમા દિવસે પેટ્રોલના ભાવમાં વધારોઃ મ.પ્રદેશમાં પેટ્રોલ સદી ફટકારી

ન્યુ દિલ્હી,તા.૧૪

પેટ્રોલ ડિઝલના ભાવમાં ભડકો ચાલુ જ છે. આજે સતત સાતમા દિવસે પેટ્રોલ ડિઝલના ભાવમાં વધારો થવાના કારણે મધ્યપ્રદેશના ભોપાલમાં પ્રિમિયમ પેટ્રોલનો એક લિટરનો ભાવ ૧૦૦ રુપિયા પર પહોંચી ચુક્યો હતો.

મોટાભાગના શહેરોમાં પેટ્રોલનો ભાવ ૯૦ રુપિયા ઉપર તો છે જ અને મેટ્રો સિટીમાં ૯૫ રુપિયા છે.જ્યારે સંખ્યાબંધ શહેરમાં તો પ્રીમિયમ પેટ્રોલ હવે ૧૦૦ રુપિયા પર પહોંચી ચુક્યુ છે.

એક્સ્ટ્રા પ્રીમિયમ પેટ્રોલનો ભાવ ભોપાલમાં આજે ૯૯.૯૯ રુપિયા પ્રતિ લિટર પર પહોંચ્યો હતો.જ્યારે નોર્મલ પેટ્રોલનો ભાવ ૯૬.૬૯ રુપિયા થયો હતો.

જોકે એક સમસ્યા એવી પણ ઉભી થઈ છે કે, પ્રીમિયમ પેટ્રોલનો ભાવ ત્રણ આંકડામાં પહોંચ્યા બાદ ઘણા પેટ્રોલ પંપના મશિનો ત્રણ આંકડાની ફિગર બતાવી શકતા નથી.જેના કારણે વેચાણ રોકી દેવાની ફરજ પડી છે.રાજસ્થાનના શ્રીગંગાનગરની વાત કરવામાં આવે તો અહીંયા વેટ સૌથી વધારે લાગુ પડતો હોવાથી નોર્મલ પેટ્રોલનો ભાવ ૯૯.૨૯ રુપિયા થઈ ગયો છે જ્યારે ડિઝલનો ભાવ ૯૧.૨૭ રુપિયા પર પહોંચ્યો છે.

## સરકાર વીજળી આપે નહીંતર મજબૂરીમાં અમારે જનરેટર લાવવા પડશેઃ ટિકૈત

ન્યુ દિલ્હી,તા.૧૪

ભારતીય કિશાન યુનિયનના રાષ્ટ્રીય પ્રવક્તા રાકેશ ટિકેતે કહ્યું કે સરકાર અમને વીજળીનું કનેક્શન આપે નહીંતર મજબૂરીમાં અમારે જનરેટર લાવવા પડશે.

ખેડૂત આંદોલન છે અને ચાલતુ રહેશે. ગરમી હોય કે વરસાદ, અમારુ આંદોલન ચાલતુ રહેશે. ઉનાળામા બોર્ડર પર જનરેટર લગાડવામાં આવશે અને જે રીતે ગામોમાંથી પાણી આવ્યું તે રીતે ડીઝલ પણ આવશે. બોર્ડર પર ખેડૂતો એસી અને કૂલરમાં આરામ કરશે. આંદોલન સ્થળ જ અમારા ઘર છે.



સરકારે ખેડૂતોના માર્ગમાં જે ખીલ્લા ઠોક્યા છે તે ઉખેડી લેવામાં આવશે. અમે દિલ્હીના મહેમાન છીએ, આવીશું, જઈશું અને ખેતીનુ કામ પણ કરતા રહીશું. સરકાર વાતચીત કરશે તો અમારો મોરચો પણ વાતચીત કરશે.

કિશાન મોરચાના બીજા નેતા રવિન્દર સિંહે જણાવ્યું કે ૪૪ એફઆઈઆરના સંબંધમાં દિલ્હી પોલીસે ૧૨૨ ખેડૂતોની ધરપકડ કરી છે અને કિશાન મોરચો આ તમામ ખેડૂતોને કાનૂની સહાય પૂરી પાડશે. મોરચાના નેતાઓએ દાવો કર્યો કે ખેડૂતોની સામે લૂંટ, ખૂનનો પ્રયાસ તથા પજવણીના ખોટા કેસ કરાઈ રહ્યાં છે. તેમણે કહ્યું કે કિશાન મોરચા દ્વારા દરેક ખેડૂતને રુ. ૨૦૦૦ ની સહાય પુરી પાડવામાં આવશે.

કિશાન મોરચાના મેમ્બર કુલદીપ સિંહે એવો આક્ષેપ કર્યો કે સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટના નિવૃત જજ દ્વારા ૨૬ જાન્યુઆરીની હિંસાની તપાસ થવી જોઈએ અને આ હિંસા પાછળનું ષડયંત્ર ખુલ્લુ પાડવું જોઈએ, તેમણે કહ્યું કે ખેડૂતોની સામે ખોટા કેસ કરાયા છે. તેમણે કહ્યું કે ટ્રેક્ટર રેલીમાં સામેલ ૧૬ ખેડૂતોની હજુ સુધી કોઈ ભાળ મળી નથી.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૨૪૭**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૬૫૨૪૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૭૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૫૯૨૦૪**

## તંત્રી સ્થાનેથી...

### મોબાઇલ રેડિએશન શું હોય છે? આપણા સ્વાસ્થ્ય પર તેનો શું પ્રભાવ પડે છે?

મિત્રો મોબાઇલ નો આજે દરેક કોઈ ઉપયોગ કરી રહ્યા છે. મોબાઈલ થી આપણા જીવનને ઘણી સરળતા મળી છે. મોબાઈલથી આજે આપણે લગભગ દરેક કામ કરી શકે છે. પરંતુ મોબાઈલ કેટલો સારો છે તેટલો જ માટે ખતરનાક છે. આપણે વાત કરીએ મોબાઇલના અધિક ઉપયોગ કરવાના લોકોની હાનિકારક પ્રભાવ ના વિશે તો સૌથી ખતરનાક મોબાઈલ રેડીએશન કે મોબાઈલ વિકિરણ છે.કદાચ તમે નહીં જાણતા હોય કે મોબાઈલ રેડીએશન તમારા સ્વાસ્થ્ય પર કેટલો હાનિકારક પ્રભાવ પાડે છે. આજે અમે તમને જાણકારી આપીશું કે આપણા સાથે પણ મોબાઈલ રેડીએશન કેવો પ્રભાવ પાડે છે.

શું છે મોબાઈલ રેડીએશન

રેડિએશન કે વીકિરણ આપણા વાતાવરણમાં ફેલાયેલી એક એવી ઉર્જા છે જે તરંગોના રૂપ માં ચાલતી હોય છે. તેને તમે રેડિયો તરંગો પણ કહી શકો છો. આ તરંગોના નિર્માણમાં માનવે પોતાના હિત માટે કર્યો હતો. સૂર્યના પ્રકાશમાં પણ વિકિરણ હોય છે. પરંતુ આપણા વાયુમંડળમાં ઓઝોન પરત ના કારણે તે આપણને હાનિ પહોંચાડતો નથી. તેમજ ટીવી નું રીમોટ, મોબાઈલ ફોન અને એક્સ-રે રેડિયેશન થી થાય છે અને જે માઈક્રોવેવમાં તમે રસોઈ બનાવો છો તેમાંથી પણ રેડિએશન હોય છે.જ્યારે તમે એક્સ-રે કરવો છો તો તરંગો તમારા હાડકા ને છોડીને તમારા શરીરની આરપાર નીકળી જાય છે. વધારે સમય સુધી મોબાઇલ રેડિએશનના સંપર્કમાં રહેવાથી આપણા શરીરની કોશિકાઓ પર ખરાબ પ્રભાવ પડે છે. એટલું જ નહીં રેડિએશન આપણા હંમેશા ખતરનાક નથી હોતા. આજકાલ કેન્સર જેવા રોગને સારું કરવા માટે રેડીએશન થેરેપી નો પ્રયોગ કરવામાં આવે છે. તેમાં હાઇવોલ્ટેજ કિરણોથી કેન્સરની કોશિકાઓને સમાપ્ત કરવામાં આવે છે.મોબાઇલ ફોન યુઝ કરતા સમયે શરીરમાં જવાવાળા મોબાઇલ રેડિયેશનની માત્રાને સ્પેસિફિક એબઝાર્પણ રેટ કહે છે. ભારતમાં સ્પેસિફિક એબઝાર્પણ રેટ પહેલાથી નક્કી છે જેના અનુસાર પ્રત્યેક મોબાઇલ ફોનના સ્પેસિફિક એબઝાર્પણ રેટ મતલબ એસએઆર ૧.૬ વોટ પ્રતિ કિગ્રા થી વધારે ન હોવું જોઈએ. જો તેનાથી વધારે હોય તો તે આપણા શરીર માટે નુકસાનકારક છે. એસએઆર એ સ્તર હોય છે એ બતાવે છે કે આપણા શરીર કેટલી માત્રામાં રેડિયેશન ને ગ્રહણ કરી શકે છે.પોતાના તમારા મોબાઈલનો રેડિયેશન સ્તર એટલે કે સ્પેસિફિક એબઝાર્પણ રેટ જાણવા માટે તમે *#07# ડાયલ કરો. ફોન નો એસએઆર ૧.૬ વોટ પ્રતિ કિગ્રા થી વધારે છે તો તરત પોતાનો ફોન બદલી નાખો. મિત્રો, તમારે તમારા મોબાઇલને યુઝ કરવાની સાથે જ તમારા સ્વાસ્થ્યનો પણ ખ્યાલ રાખવો જોઈએ. જો તમને આ પોસ્ટ સારી લાગે છે તમારા દરેક મિત્રો સાથે શેર કરો.

# સમસ્ત મહાજન દ્વારા સમગ્ર ગુજરાતના તમામ પાંજરાપોળ, ગૌશાળાનાં પદાધીકારીઓ, જીવદયા પ્રેમીઓની રવીવારે એક ચિંતન શીબીરનું ધોલેરા ખાતે યોજાઈ



જીવદયાની ઉત્કૃષ્ટ ભાવના અને જીવ માત્રને જીવાડવાની અંતરની મહેચ્છાઓ સાથે પશ્ચિમ ભારતમાં ૧૫૦૦ થી વધુ પાંજરાપોળોના ટ્રસ્ટીવર્યો અથાક પુરુષાર્થથી ૬ લાખથી વધુ અબોલ જીવોનું જીવનપર્યત જતન કરે છે. આર્થિક વ્યવસ્થા, ઘાસ–ચારાની ઉપલબધ્તા, જમીન અંગેના કાયદાઓ વિગેરે અઢળક પ્રશ્નોનો સામનો કરવાનો હોય છે. આ પ્રશ્નો અંગેની વિષદ છણાવટ પૂર્વક ચર્ચા કરી નિર્ણયાત્મક ભૂમિકા ઉપર આવવા માટે તેમજ સ્વાવલંબન તરફ, પર્યાવરણ રક્ષા તરફ વળવા માત્ર ગુજરાત જ નહી પરંતુ સમગ્ર પશ્ચિમ ભારતની તમામ જંગ સંસ્થાઓના તમામ ટ્રસ્ટીઓને એકબીજાનો પરીચય થાય, એક બીજાની હૂંફ મળે અને એકબીજાનો સહકાર મળે તે માટે વૈશ્વીક સ્તરે જળ, જંગલ , જમીન, જનાવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા 'સમસ્ત મહાજન' ના મેનેજીંગ ટ્રસ્ટીએનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર શ્રી ગિરીશભાઈ શાહ અને સાથી ટીમના માર્ગદર્શનમાં સમસ્ત મહાજન (ગિરીશભાઈ શાહ મો: ૯૮૨૦૦ ૨૦૯૭૬), દ્વારા વિવિધસંસ્થાઓના સંયુકત ઉપક્રમે ગૌશાળા, જીવદયા સંસ્થાઓના ટ્રસ્ટીઓ (એસ.પી.સી.એ)ના પદાધીકારીઓ, જીવદયાના ક્ષેત્રે કામ કરતા કાર્યકરો, સકળ શ્રી સંઘના ટ્રસ્ટીઓ, જીવદયાના કાર્યમાં દાન આપતા દાનવીર ભામાશાઓ, પર્યાવરણ પ્રેમીઓ માટે એક દિવસીય ચિંતીન શીબીરનું આયોજન ગોકુલગામ આમલી, વટામણ–ધોલેરા રોડ ખાતે કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં જીવદયા સંસ્થાઓને સ્વાવલંબન તરફ વાળવા,ગૌ આધારીત સાંસ્કૃતીનું પુનઃસ્થાપન, ગૌચર વિકાસ, ગૌ આધારીત કૃષિ–આરોગ્ય અને પર્યાવરણર્થે જનજાગરણ, ગૌપાલન, જીવરક્ષા અંગેના વિવિધ કાયદાઓનું નિર્માણ તથા હાલના કાયદાઓના કડક અમલીકરણ, ગૌ સંવર્ધનને પ્રોત્સાહન, ગૌશાળા–પાંજરાપોળની આંતર માળખાકિય સુવિધાઓ ઉભી કરવા, પશુ–પક્ષીઓના આરોગ્યની જાળવણી, ભાવના અને વિજ્ઞાનનો સમન્વય, માનવ માત્રમાં પક્ષીઓ, પ્રાણીઓ પ્રત્યે વધુ કરૂણા જગાડવા, વરસાદી પાણીનો સંગ્રહ, સ્વદેશી વૃક્ષોનું વાવેતર, સ્વચ્છ દૂધ ઉત્પાદનોની ઉપલબ્ધી, પાકની રક્ષા માટે અહિંસક–સ્વદેશી ઉપચારો, શાકાહાર પ્રચાર–પ્રસાર, સંસ્થાઓને કાયમી સબસીડી સહિતના અનેકો મુદા ઉપર વિસ્તૃત ચર્ચા કરાઈ હતી.ગીરીશભાઈ શાહના માર્ગદર્શનમાં આ સંમેલનમાં વિવિધ ઠરાવ કરવામાં આવ્યા હતાં. બજેટ–૨૦૨૦માં ગુજરાતની પાંજરાપોળ – ગૌ શાળાને એક વખતના માળખાકિય સુધારા માટે રૂ.૧૦૦ કરોડ ફાળવવામાં આવ્યા.તે બદલ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી તથા નાણાંમંત્રીશ્રી નીતિનભાઈ પટેલનો આભાર માનતો ઠરાવ, પ્રતિ પશુ પ્રતિ દિન ૫૦ રૂપિયા કાયમી સબસીડી ઘોષિત કરવી એવી સરકારે નિર્ણય કરવો તેવો ઠરાવ, ગુજરાત સરકારે ૧૯૬૨ એમ્બ્યુલન્સ ચાલુ કરી તે બદલ સરકારને અભિનંદન આપતો ઠરાવ કરવામાં આવ્યો તેમજ ગુજરાતના તમામ ૧૮૧૧૪ ગામડાઓના તમામ અબોલ જીવોને ૧૯૬૨ એમ્બ્યુલન્સ નો લાભ વ્યાપક રીતે મળે તેવો ઠરાવ, ગૌસેવા આયોગમાં અધ્યક્ષની તાત્કાલિક નિર્ણય ગુજરાત સરકારને લેવા વિનંતી કરતો ઠરાવસ્ટેટ એનિમલ વેલ્ફર બોર્ડને કાર્યાન્વિત કરવું અને દરેક જિલ્લામાં ક.હબ ની રચના કરવી તથા તેને કાર્યાન્વીત કરવાં તેવી ગુજરાત સરકારને વિનંતી કરતો ઠરાવ, ટ્રેકટરોથી ખેતીના કારણે બળદોની આવશ્યકતા ઘટવાથી પ્રદૂષણ પણ વધ્યું. ગુજરાત સરકારે ટ્રેકટર પર આપતી સબસીડી બંધ કરવી જોઈએ અને હળ અને બળદ વડે થતી ખેતીને પ્રોત્સાહિત કરવા પગલાં લેવાં જોઇએ તેવો ઠરાવ, ગુજરાતમાં જેટલી ગોચરભૂમિ બચી છે તે બાવાળ મુક્ત થાય અને દબાણ મુક્ત થાય અને તેની વડાબંધી થાય. તેની અંદર સારો ઘાસચારો ઊગે અને તેનાથી વિસ્તારનાં અબોલ જીવોની શાતા વધે તેવું આયોજન કરવાનો ઠરાવ, જેમાં નદાહ રાસાયણિક ખાતર પેદા કરે છે અને તે માટે રાજ્ય સરકાર દરેક પ્રકારે અર્થસહાય કરે છે, તે રીતે દરેક પાંજરાપોળ – ગૌશાળા છાણિયું ખાતર પેદા કરતી વ્યવસ્થા છે. તેણે પણ દરેક પ્રકારની આર્થિક મદદ કરતી ગુજરાત સરકારની નીતિ હોવી જોઈએ. તેવો સરકારશ્રીને આ ઠરાવ, પાંજરાપોળ – ગૌશાળાના જમીનને સીલિંગ એક?ટ માંથી મુક્તિ આપવી, તેમજ જે પાંજરાપોળ – ગૌશાળા એ જમીન વેચાતી લીધી છે તેમને જમીન નામે કરી આપવી તેવો ઠરાવ, પ્રાકૃતિક ખેતી માટે ઓર્ગેનિક ખાતર જરૂરી છે.આપણી જરૂરિયાત પ્રમાણે ઓછું ગોબર ઉત્પાદન થાય છે, વધુ ગોબર માટે પશુધનને સુરક્ષિત કરવા પડશે.તેના માટે બધા કતલખાના બંધ કરી દેવા જોઈએ તેવો ઠરાવ, પંચગવ્ય પદાર્થો પર ગુડ્?સ તથા સર્વિસ ટેક?સ મુક્ત કરવા જોઈએ. સરકાર દ્વારા પંચગવ્ય વસ્તુ પર સબસીડી આપવી જોઈએ. સરકાર દ્વારા પંચગવ્ય ઉદ્યોગમાં સક્રિયતા બતાવી જોઈએ જેથી ઉદ્યોગને પ્રોત્સાહન મળે.ગૌમંત્રાલય નું નિર્માણ થાય અને તેમાં અલગ અલગ વિભાગ બનાવવામાં આવે જેવા ઠરાવો સર્વાનુમતે કરવામાં આવ્યા હતાં.

આ સંમેલનમાં જયંતભાઈ શાહ, ચીનુભાઈ શાહ (ગૌશાળા પાંજરાપોળ સંઘ), વીરજીભાઈ રાદડીયા, પાર્થ એમ. મંડીર (મુનીસેવા આશ્રમ, ગોરજ, તા. વાઘોડીયા), ભરતભાઈ બી. આચાર્ય (શીવગંગા એનીમલ હેલ્પલાઈન, મહેસાણા), ચંદેશભાઈ ઢેઢી (કિશાન ગૌશાળા, આજીડેમ પાસે, રાજકોટ), મંગાભાઈ દેપાળા (શ્રી ધ્રાંગધ્રા પાંજરાપોળ, ધ્રાંગધ્રા), દીપકભાઈ રાણપુરા (શ્રી બરવાળા પાંજરાપોળ), ડો. પ્રફુલ ઠાકુર (શ્રી ગઢડા મહાજન પાંજરાપોળ, ગઢડા), કનકભાઈ સી. કાપડીયા (જીવદયા ગ્રુપ, ખંભાત), રમેશભાઈ ઠક્કર (શ્રીજી ગૌશાળા, રાજકોટ), પ.પૂ. છાશીયાબાપુ (મારૂતીધામ ગૌશાળા, જસદણ), બોટાદ મહાજન પાંજરાપોળના પ્રતિનિધી, શ્રી કેરીયા ગૌશાળા–પાંજરાપોળના પ્રતિનિધી, લીલાધરભાઈ પુજારા (જલારામ ગૌશાળા, ભાભર), અશ્વીનભાઈ જુઠ્ઠાણી (માળીયા હાટીના પાંજરાપોળ, જુનાગઢ), પંકજભાઈ ગાધી (વિરમગામ પાંજરાપોળ), મનીષભાઈ(શ્રી ગોર્વધન ગૌશાળા, વડીયા, જી. અમરેલી),શ્રી પુરૂષોતમલાજી ગૌસેવ સમાજ (મું.મંડલીકપુર, તા. જેતપુર) ના પ્રતિનીધી, બાલમુકુંદ ગૌશાળા (બોરડી સમઢીયાળા, તા.,જી. રાજકોટ) ના પ્રતિનિધી, ભાવેશભાઈ સોલંકી (આણંદ) સહીત ૫૦ પાંજરાપોળોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયાં હતાં.

સમગ્ર આયોજન અંગે સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી, એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર શ્રી ગિરીશભાઈ શાહ, મિતલ ખેતાણી, રાજુભાઈ શાહ, રમેશભાઈ ઠક્કર સહિતનાઓએ જહેમતઉઠાવી હતી.

GIRISHBHAI SHAH

### ખેડૂત આંદોલન-સીએએ મુદ્દે પણ જસ્ટીસએ મોટી સલાહ આપી

# આપણી ન્યાય વ્યવસ્થા ભારરૂપ, લોકોને કોર્ટમાં જઈ પસ્તાવો થાય છે: ગોગોઈ



### મજબૂત ન્યાય વ્યવસ્થા વગર વિદેશ રોકણ નહીં, ભારતમાં કોર્ટના દાદરા ચઢ્યા પછી લોકોને પસ્તાવો થવા લાગે છે

ન્યુ દિલ્હી,તા.૧૪

દેશની ન્યાય વ્યવસ્થા પર વારંવાર આંગળી ઉઠાવવામાં આવી છે, ન્યાય મેળવવા માટે વારંવાર કોર્ટના દાદરા ચઢવા પડતા હોય છે. દેશના પૂર્વ ન્યાયમૂર્તિ રંજન ગોગોઈએ પણ આ વાત પર મોહર મારી છે, તેમણે કહ્યું કે છે આપણી ન્યાય વ્યવસ્થા ઘણી ભારરુપ છે અને જૂની છે, જેના કારણે સમય પર ન્યાય આપવામાં સફળતા મળતી નથી.

રાજ્યસભાના સાંસદ બની ચુકેલા ગોગોઈ કહ્યું કે ન્યાય પ્રણાલી એ રીતે જર્જરીત થઈ ગઈ છે કે લોકો કોર્ટ જતા પસ્તાય છે. તેમણે એ પણ કહ્યું કે હવે કોર્ટ સામાન્ય લોકોની પહોંચની બહાર થઈ રહી છે અને માત્ર પૈસાવાળા અને કોર્પોરેટ વર્લ્ડના લોકો જ કોર્ટની સીડીઓ ચઢવા માગે છે. તેમણે કોર્ટના સભ્યને સ્થિતિ બદલવા માટે પગલું ભરવાની અપીલ કરીને કહ્યું કે હાલની વ્યવસ્થા ઘણી રીતે કામ નથી આવી, માટે જજની નિમણૂક અને તેમની ટ્રેનિંગમાં તાત્કાલિક બદલાવ લાવવાની જરુર છે. જસ્ટિસ ગોગોઈએ જજોની નિમણૂકમાં લેટ-લતીફીને પણ આ સમસ્યાનું કારણ ગણાવ્યું છે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે લોકોને વારંવાર નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને વિવિધ આરોપ લગાવવામાં આવે છે, શું તેમની સામે તેઓ કેસ દાખલ કરશે, જેના જવાબમાં જસ્ટિસ ગોગોઈએ કહ્યું, ×જો તમે કોર્ટ જાવ તો એ જ થશે કે આ બાબતો પર કોર્ટમાં પણ મુદ્દો બનશે, નહીં કે ન્યાય મળશે.× ગોગોઈએ આ મુદ્દા પર આગળ કહ્યું કે, ×મને એવું કહેવામાં કોઈ ખચકાટ નથી કે કોર્ટ કોણ જાય છે. તમે કોર્ટમાં જશો તો પસ્તાવો થશે. તમે કોર્પોરેટ વર્લ્ડથી છો તો એક તક શોધવા માટે કોર્ટ જાવ છો. જો જીતી ગયા તો કરોડો રુપિયા આવી જશે..

જસ્ટિસ ગોગોઈએ કહ્યું, ×અમે પાંચ લાખ કરોડ ડૉલરની અર્થવ્યવસ્થા બનાવવા માગીએ છીએ પરંતુ આપણી પાસે જર્જરીત ન્યાય વ્યવસ્થા છે.. ૨૦૨૦માં જ્યારે ન્યાય વ્યવસ્થા સહિત દરેક સંગઠનનું કામકાજ બિલકુલ મંગ પડી ગયું તો નીચલી કોર્ટમાં ૬૦ લાખ જ્યારે અલગ-અલગ કોર્ટ્સમાં લગભગ ૩ લાખ જ્યારે સુપ્રિમ કોર્ટમાં લગભગ ૬થી૭ હજાર નવા કેસ આવી ગયા. સમય આવી ગયો છે કે આપણે એક રોડમેપ બનાવીએ. ન્યાયપાલિકા પ્રભાવી રીતે કામ કરે, તેના માટે જે જરુરી છે તે થઈ નથી રહ્યું. રાજ્યસભા સાંસદે નવી વિકસિત થઈ રહેલી પ્રવૃત્તિઓ પર ચિંતા વ્યક્ત કરી છે અને કહ્યું છે કે આજના તાકતવાળા અને બૂમો પાડનારા લોકો જજો સહિત અન્યની છબી ખરાબ કરવામાં જોડાયેલા છે. તેમણે કહ્યું કે દુર્ભાગ્યથી કેટલા જજ નિશાન બન્યા બાદ તૂટી જાય છે. તેમણે ખેડૂત આંદોલન અને નાગરિકતા સુધારા કાયદા (ઝછછ)ના વિરોધ આંદોલન પર સવાલોના જવાબમાં તેમણે કહ્યું કે, કેટલાક રાજયકીય કાયદાકીય સમાધાન કરવા પડશે અને કોર્ટે પણ આ મુદ્દાને જોવો પડશે.

# ગ્રેટા થનબર્ગ ટૂલકિટ મામલે ૨૧ વર્ષિય એક્ટિવિસ્ટ દિશા રવિની બેંગલુરુથી ધરપકડ

બેંગલુરૂ,તા.૧૪

ગ્રેટા થનબર્ગ ટુલકિટ મામલામાં દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે બેંગલુરૂથી ૨૧ વર્ષની કલાઈમેટ એક્ટિવિસ્ટ દિશા રવિની ધરપકડ કરી લીધી છે. ફ્રાઈડે ફોર ફ્યુચર કેમ્પેઈનના સંસ્થાપકોમાંથી દિશા રવિની શનિવારના રોજ ધરપકડ કરી લીધી છે. ૪ ફેબ્રુઆરીના રોજ દિલ્હી પોલીસે ટુલકિટને લઈને અજ્ઞાત લોકો વિરૂદ્ધ કેસ દાખલ કર્યો હતો. તેમના પર આરોપ છે કે દિશા રવિએ ખેડૂતો સાથે જોડાયેલ ટુલકિટને એડિટ કર્યા અને તેમાં કેટલીક વસ્તુઓ જોડીને તેને આગળ મોકલી હતી.

હકીકતમાં, ખેડૂતોની ટ્રેકટર પરેડ દરમ્યાન ૨૬ જાન્યુઆરીના રોજ લાલ કિલ્લામાં થયેલી હિંસાની તપાસ કરી રહેલી દિલ્હી પોલીસ ટુલકિટ મામલાની તપાસ પણ કરી રહી છે. પર્યાવરણ સંરક્ષક ગ્રેટા થનબર્ગે તાજેતરમાં જ એક ટુલકિટને ટ્વિટ કરી હતી. જેને બાદમાં હટાવી દેવામાં આવી હતી. તપાસમાં એવું જાણવા મળ્યું કે, આ ટુલકિટની સ્ક્રિપ્ટ રાઈટર એક ખાલિસ્તાની સંગઠન છે. આ મામલામાં દિલ્હી પોલીસ પડતાળ કરી રહી છે. એક ટુલકિટ મામલામાં હવે દિશા રવિની ધરપકડ કરી લેવામાં આવી છે. દિલ્હી પોલીસે ગૂગલ અને અન્ય મોટી સોશિયલ મીડિયા કંપનીઓને ટૂલ કિટ દસ્તાવેજોમાં જે ઈ-મેઈલ આઈડી અને યુઆરએલની વાત કરી હતી તેની જાણકારીઓને લઈને સ્પષ્ટતા માંગી હતી. ખેડૂત આંદોલનને લઈને અમેરિકાની પૉપ સિંગર રિહાના અને ગ્રેટા થનબર્ગ જેવી પ્રસિદ્ધ હસ્તીઓએ ટ્વિટ કર્યા હતાં. ગ્રેટાએ ટુલકિટની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, 'જો તમે પણ મદદ કરવા ઈચ્છો છો તો આ રહી ટુલકિટ.' દિલ્હી પોલીસના સ્પેશ્યલ કમિશનર પ્રવીર રંજનને કહ્યું હતું કે સોશ્યલ મીડિયાના મોનિટરિંગ દરમિયાન એક ટુલકિટ મળી આવ્યું હતું. તેના લેખક સામે FIR નોંધવામાં આવી છે. તેમાં કોઈનું નામ નહોતું, આ માત્ર ટુલકિટ બનાવનારાની વિરૂદ્ધ હતું. પોલીસનું કહેવું હતું કે સોશ્યલ મીડિયા પર મોનિટરિંગ દરમિયાન પોલીસને એક એકાઉન્ટ દ્વારા એક દસ્તાવેજ મળ્યા છે જે ટુલકિટ છે. તેમાં 'પ્રાયર એક્શન પ્લાન' નામનું એક સેકશન છે. તેમાં ખેડૂત આંદોલન દરમિયાન શું કરવું તે વિશેની માહિતી આપી છે.

# દેશના દરેક ગામડામાં ગાયના છાણમાંથી પેઈન્ટ બનાવવાની ફેક્ટરી ખોલવાની કેન્દ્રની યોજના

ન્યુ દિલ્હી,તા.૧૪

દેશના દરેક ગામડામાં ગાયના છાણમાંથી પેઈન્ટ બનાવવાની ફેકટરી ખુલે તેવી યોજના કેન્દ્ર સરકારે બનાવી છે. લઘુ ઉદ્યોગોના મંત્રાલયને સંભાળતા કેન્દ્ર સરકારના મંત્રી નીતિન ગડકરીએ આ યોજનાને આગળ વધારવાનુ શરુ કર્યુ છે.

ગાયના છાણમાંથી રંગ બનાવવાની ફેક્ટરી શરુ કરવા માટે ૧૫ લાખ રુપિયા જેટલો ખર્ચ થાય છે. જો સરકારનુ સપનુ સાકાર થયુ તો રોજગારના અભાવે ગામડામાંથી શહેરમાં થઈ રહેલુ પલાયન અટકી જશે.

નીતિન ગડકરીનુ કહેવુ છે કે, ગાયના છાણમાંથી બનેરલા પેઈન્ટની ડિમાન્ડ ઝડપથી વધી રહી છે.આ માટે તાલિમ આપવાની વ્યવસ્થા જયપુરમાં કરવામાં આવી છે પણ એટલી અરજીઓ આવી છે કે, તમામની ટ્રેનિંગ પણ શક્ય બની રહી નથી. ૩૫૦ લોકો ટ્રેનિંગ માટે વેઈટિંગ લિસ્ટમાં છે. હવે અમે ટ્રેનિંગ માટેની સુવિધાનો વ્યાપ વધારવા પર કામ કરી રહ્યા છે. જેથી મહત્તમ લોકો ગાયના છાણમાંથી રંગ બનાવવાની ફેક્ટરીઓનુ સંચાલન કરી શકે.

સરકાર દ્વારા જાન્યુઆરી મહિનામાં આ પેઈન્ટ લોન્ચ કરાયો હતો.જે ઈકોફ્રેન્ડલી છે અને તેમાં બેક્ટેરિયાનો ખાતમો કરવા માટેના ગુણ પણ છે.તેની કોઈ સ્મેલ નથી.આ પેઈન્ટ ડિસ્ટેમ્પર અને પ્લાસ્ટિક ઈમ્યુલેશન સ્વરુપે માર્કેટમાં આવ્યો છે. પેઈન્ટની ફેક્ટરીઓ મોટા પાયે શરુ થવાના કારણે ગામડાઓમાં ગાયના છાણની ડિમાન્ડ વધશે.એક અંદાજ પ્રમાણે એક ખેડૂત એક પશુના છાણમાંથી જ વર્ષે ૩૦૦૦૦ રુપિયાની કમાણી કરી શખશે.ખેડૂતોની આવકમાં તેના કારણે ધરખમ વધારો થશે.

# ઓક્સફર્ડ યુનિ.ના સ્ટુડન્ટ યુનિયનના અધ્યક્ષ તરીકે મૂળ ભારતની રશ્મિ સાવંતની વરણી

લંડન,તા.૧૪

દુનિયાની સૌથી પ્રતિષ્ઠિત ગણાતી યુનિવર્સિટીઓ પૈકીની એક અમેરિકાની ઓક્સફર્ડ યુનિવર્સિટીના સ્ટુડન્ટ યુનિયનની અધ્યક્ષ તરીકે ભારતની વિદ્યાર્થિની રશ્મિ સાવંતની વરણી થઈ છે.

મિકેનિકલ એન્જિનિયરિંગ પૂરૂ કર્યા બાદ કર્ણાટકની રશ્મિ સાવંતે સાત મહિના પહેલા ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં એડમિશન લીધુ હતુ અને ત્યારે તેણે વિચાર્યુ પણ નહોતુ કે આ યુનિવર્સિટીના સ્ટુડન્ટ યુનિયનની તે ચૂંટણી લડશે અને હજારો વિદ્યાર્થીઓ તેને વોટ આપશે.

ઓક્સફર્ડ યુનિવર્સિટીના ઈતિહાસમાં પહેલી વખત ભારતીય વિદ્યાર્થિની આ ચૂંટણી જીતી છે.રશ્મિનુ કહેવુ છે કે, વિદેશમાં ભણવા માંગતા ભારતીય વિદ્યાર્થીઓએ પોતાનુ લક્ષ્ય નક્કી કર્યા બાદ તેના પરથી ધ્યાન ભટકી ના જાય તે જોવુ જરુરી છે.આમ છતા પોતાના રસની પ્રવૃત્તિઓ પણ ચાલુ રાખવી જોઈએ.

રશ્મિ હાલમાં ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં એનર્જી સિસ્ટમ વિષયમાં એમએસસી કરી રહી છે.રશ્મિએ ચૂંટમી પ્રચાર દરમિયાન વિદ્યાર્થીઓનુ હિત સર્વોપરી હોવાનો પ્રચાર કર્યો હતો અને રશ્મિને જેટલા વોટ મળ્યા હતા તેટલા વોટ બાકીના ત્રણ હરિફોને ભેગા થઈને પણ મળ્યા નહોતા.

# આંધ્રપ્રદેશના કુરનૂલમાં બસ-ટ્રક વચ્ચે ગમ્ખવાર અકસ્માત: ૧૪ લોકોના મોત

કુરનૂલ,તા.૧૪

આંધ્ર પ્રદેશના કુરનૂલ જિલ્લામાં એક યાત્રી બસ અને ટ્રક વચ્ચે ભિડંત થઇ. દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૧૪ લોકોના મોત થયા છે અને ૪ લોકોને ઈજા પહોંચી છે. અકસ્માત એટલો ભયાનક હતો કે બસનો આગળનો ભાગ નષ્ટ થઇ ગયો હતો. જાણકારી અનુસાર કુરનૂલના વેલદુર્તી મંડળના મદરપુર ગામ પાસે આજે સવારે રોડ અકસ્માત સર્જાયો. અકસ્માત બાદ જે દ્રશ્ય સામે આવ્યા તેના પરથી અંદાજો લગાવી શકાય કે અકસ્માત કેટલો ભયંકર હતો. ઈજાગ્રસ્તોને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવાવવામાં આવ્યા છે. તમામ પીડિત ચિતુર જિલ્લાના મદનપલ્લીના રહેવાસી હતી. અકસ્માત એટલી ભયાનક હતો કે બસનો આગળનો ભાગ નષ્ટ થઇ ગયો હતો. ટ્રક સાથે ટક્કર થતાં બસ પલટી



ખાઇ ગઇ હતી. આ દરમિયાન મુખ્યમંત્રી વાઈએસ જગન મોહન રેડ્ડીએ રોડ અકસ્માતમાં લોકોના મોતને લઇને શોક વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રીએ વાઈએસ જગન મોહન રેડ્ડીએ રોડ અકસ્માત દુર્ઘટનામાં લોકોના મોત પર દુખ વ્યક્ત કર્યું છે. મુખ્યમંત્રીએ બચેલા લોકોની સારવાર માટે યોગ્ય વ્યવસ્થા કરવાના નિર્દેશ આપ્યા છે. ઘટનાની જાણકારી આપતાં સબ ઈંસ્પેક્ટર પેડ્ડિયા નાયડુએ કહ્યું કે બસ ચિત્તૂર જિલ્લાના મદનપલ્લા ગામથી રાજસ્થાનના અજમેર જઇ રહી હતી. બસ સવારે લગભગ ૩.૩૦ વાગે મદારપુર ગામ પહોંચી હતી કે ડ્રાઇવર રસ્તો ભૂલી ગયો અને બસ ખોટી દિશામાં જતી રહી. આ દરમિયાન બસે વિપરીત દિશામાંથી રહેલા ટ્રકને ટક્કર મારી દીધી. તેમણે કહ્યું કે આ બસમાં ૧૭ લોકો સવાર હતા. ઘટનામાં બસ ડ્રાઇવર સહિત ૧૪ લોકોના મોત થઇ ગયા છે અને ૪ લોકો ઘાયલ થયા છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની સાત પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વિષય : પિતા.માતા.સંતાન...સંપર્ક સૂત્રો.......

www.janfariyadnews.com

Email : prdpraval42@gmail.com

What's up calling No : 9824653073

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ

મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ

સભ્ય લેખક : જીજ્ઞા કપુરીયા, રેખા શુક્લ(અમેરિકા),વૈશાલી મહેતા,ઉર્વશી મહેતા,વંદના દયાળ (સુરત),જિજ્ઞાસા જોશી (શુક) ધીરેન.કે.સુથાર(ધીર)

યુ ટ્યુબ ચેનલ : janfariyadnews(સાહિત્ય સરિતા)(ત્રણ વિડિયો) ભાગ -૬

---

NOG SS No : 0002

પ્રકાર - પદ્ય

એક જૂનું ગોદડું

તમારા લક્ઝરીયસ આવાસનાં સ્ટોરેજમાં એક જૂનું ગોદડું ગડીવાળીને રાખી મૂકી રાખજો.
જેમાં તમારી માતાએ તમારા જ સ્વજનોનો જૂનાં કપડાં કાપી, ગોઠવીને તમારી પતંગની દોરની રઝળતી લચ્છીનાં દોરા વડે, કામગરા હાથથી એનાં ટેભાં લીધાં હશે,
એની ખોળ સીવી હશે પોતાના જૂનાં સુતરાઉ સાડલામાંથી,
જેનાં પાલવને ગોદડું શોભે એમ ગોઠવ્યો હશે,
એ પાલવમાં કેટલીય યાદો સંડોવી હશે.....
એ પાલવ,
જે તમારાં ઈષ્ટ માટે ઈષ્ટદેવ સામે પથરાયો હશે.....
એ પાલવ ,
જેની નીચે સંતાડીને માતાએ તમને અમૃત પાયું હશે.
ને પછી દુધિયાં હોઠ લૂછી આપ્યાં હશે.
એ પાલવ,
જેનાં છેડે બાંધેલો રૂપિયો તમને ભમરડો ખરીદવા મળ્યો હશે.....
એ પાલવ,
જેની નીચે તમને પિતાના રોષથી બચવા શરણું મળ્યુ હશે.....
એ પાલવ,
તમે પડી આખડીને આવ્યાં હશો ત્યારે તમારા ધૂળ મિશ્રિત આસું લૂછયાં હશે ને છાનામાનાં પોતાની આંખમાં આવેલ પાણી પણ લૂછી લીધું હશે....
તમારા લક્ઝરીયસ બ્લેક્રેટમાં જયારે અનિદ્રા સતાવેને મારા વ્હાલાં ત્યારે એ પાલવવાળા ભાગને તમે છાતી નજીક રાખી એ ગોદડું ઓઢી જોજો.
તમને એક નાના બાળક જેવી મીઠી ઊંઘ આવી જશે...?

જીજ્ઞા કપુરિયા "નિયતી"

માતા મેલડી ,ચામુંડાય નમઃ

---

Old quilt

Keep an old folded quilt in the storage of your luxurious accommodation.
In which your mother's may have cut the old clothes of your own relatives, arranged them with the strings of your kite's strings, and used them with her hands,
It will have a CV from its old cotton saddle,
Whose palwa may have been arranged as a quilt,
How many memories will be involved in that palav .....
A palav,
Which will be spread against Ishtadev for your sake .....
A palav,
By hiding under it, mother will have given you nectar.
Then the milky lips would have been wiped. .....
A palav,
The rupee tied at the end of which you may have got to buy yoyo .....
A palav,
Under which you may have found refuge to escape your father's wrath .....
A palav,
By the time you fall, your dusty tears will have been wiped away and the water in your own eyes will have been wiped away ....
In your luxurious blanket, when you are suffering from insomnia, you should keep the folded part close to your chest and cover it with a quilt,
You will have a sweet sleep like a small child ...

Jigna Kapuria "Niyati' Bombay

---

NOG SS No : 0089

પ્રકાર : પદ્ય

શીર્ષકક : માતા -પિતા- સંતાન

" ના'ની-ના'ના સંગ હુંકારો" ના'ની-ના'ના સંગ હુંકારો -સૌની તું બહુ કોમળ છે તું લાગે માવાનો પીડો છે તું બહું ચંચળ છે તું દોડી ને ભેટવા મથે છે તું ડગુંમગું તું અચળ છે માંડમાંડ બે ડગ ભર તું ફડફડે હોઠ વાચાળ છે "હં" જ બસ કહે તું ખેલી લંઉ સંગ તારી, મારી ઢીંગલીની ગમતી તું બેબી-ડોલ છે ખુલ્લા હાથે બથ ભરી ગળે લગાવી
ચુમુ તુંજ ક્રૈકી-ર્ઇક્રી છે તું પુષ્પો ચલ પાથરું જો જો તું ડગ માંડે છે તું
નોટી તારા ચાળા છે તું ચાલાક નજરું છે તું ના'ની-ના'ના સંગ હુંકારો તું હૈયું હામ છે તું જારે નટખટ લોરી ગાંઉ મધુરુ સપનું છે તું

રેખા શુક્લ. અમેરિકા

---

NOG SS NO : 0040

પ્રકાર : પદ્ય

શબ્દ : સંતાન, માતા, પિતા

શીર્ષક : સંતાનસુખ

દરેક જીવમાં શિવ
કિંતુ જીવમાંથી અવતરે જીવ
એજ માતૃત્વની નીવ.
પુત્ર હો કે પુત્રી
નથી કરવી કોઈ દલીલ
એ તો સઘળું છે
ઈશ્વરને આધીન.
પુત્રી હો જો પારણે
હર્ષોલ્લાસ તારે આંગણે
પુત્ર હો પારણે
અદ્ભુત ઉજાસ સદા; તારે બારણે.
માત-પિતા બન્યાનો
અવસર આજ આંગણે
દીકરા-દીકરીનો ભેદ
શું કામ કરવો આપણે?
ઘડપણની લાકડી બનાવવા કાજ,
તમામ જવાબદારી સોંપવા કાજ
શું એટલે જ જણવો
તારે દીકરો આજ!
હજુ તો કોખથી અવતર્યો આજ
કરવા દે તું; એને રાજ
મા-બાપ થયાની ફરજ તો
પ્રથમ તું નિભાવી લે આજ
ઉત્તમ ગુણ સિંચવાની
ને તાત તરીકે ફરજ નિભાવવાની
શું છે સઘળી તારી તૈયારી?
કે પછી
છે બાહેંધરી;
વાબદારી પૂરી કર્યાની?
જો ખરો ભોગ દીધો
તે; આજ એને કાજ
સંસ્કારોને તારા એ
નહીં ક્યારેય આવવા દે આંચ
છે હક્ક તને પૂરેપૂરો
ફિકરની પડીકી વાળીને
બિંદાસ ફેંકી શકીશ તું બહાર!
કેવળ સંતાનસુખ નહીં;
સંતાનથી સુખ પામ્યાનો
આવશે તુજને
મીઠો ઓડકાર!

વૈશાલી મહેતા.

---

NOG SS No : 0051

પ્રકારઃ પદ્ય

શીર્ષકઃ માવતર

ઘડવૈયાએ ઘડ્યો સંસાર,
જયાં પ્રેમનો વરસાદ થાય રે...
ભગવાન સરખાં મારે માવતર,
તેમના ચરણોની પૂજા થાય રે...
મારી માવજત લક્ષ્મી સ્વરૂપે કરી,
હરખનાં હાલરડાં માવડી ગાતી રે...
ખભે બેસાડી પિતા પ્રેમની,
પા પા પગલી પડાવતાંરે...
આટલે ને પાટલે બેસાડી,
મીઠા કોળિયા જમાડતાં રે...
અમૃતવાણી વરસાવી,
કાલું કાલું બોલાવતા રે...
સંતાનોનાં સુખ ખાતર,
ભવોભવનું ભાથું બાંધતાં રે...

ઉર્વશી મહેતા ,અમદાવાદ.

---

NOG SS No :: 0087

વિષય ::માતા, પિતા, સંતાન

વિભાગ ::પદ્ય

શીર્ષક ::પિતૃ પ્રેમ

જન્મ આપ્યો માતાએ, દુનિયામાં જેણે ઓળખ અપાવી તે છે પિતા..
ચાલતાં શિખવાડ્યું માતાએ, પગભર થતાં શિખવાડ્યું તે છે પિતા..
દુઃખમાં રડી લે તે માતા, દિલમાં દર્દ છુપાવી સ્થિર રહે તે છે પિતા..
બોલવાનું કડક, હંમેશા સલાહ સૂચન, પણ હૃદયમાં અપાર પ્રેમ, એ છે પિતા..
દિવસ-રાત સંતાન માટે, પરિવાર માટે મહેનત કરનાર વ્યક્તિ એ છે પિતા..
પોતે ન કરી શક્યા,
ન બની શક્યા
એ મારો પુત્ર, પુત્રી બને એવી ઈચ્છા રાખે એ છે પિતા..
પુત્રને યજ્ઞોપવિત સંસ્કાર આપે,
દીકરીનું કન્યાદાન કરે એ છે પિતા..
સંસારના ઝંઝાવાત ઝીલીને
પરિવાર માટે ઢાલ બનીને ઊભા રહે એ છે પિતા..
માતા વિના ઘર સૂનું લાગે,
જેના વિના દુનિયા સૂની લાગે એ છે પિતા.

વંદના દયાળ (સુરત )

---

NOG SS No -0091

પ્રકારઃ પદ્ય

શીર્ષકઃ માની મમતા

અમી ભરેલી નજરોથી આશિષ આપે માતા.
સ્નેહ ભરેલી આંખોથી પ્રેમ આપે માતા.
દરિયા જેવાં દિલમાંથી હેત વહાવે માતા
ઘડતર માટે કઠોર બનીને આંસુ સારે માતા
ચિંતા મારી કરી ઝાઝીને ખોટું હસે માતા.
લડતાં લડતાં લડીને પછી રડે માતા.
માથે હાથ ફેરવીને આશિષ આપે માતા.
બહારથી એ સખત દેખાતી હોય નાળિયેર માતા.
પિતાનાં ક્રોધ સામે છાંયડો બનતી માતા.
સંતાન માટે દુનિયા સામે લડી જાય માતા.
દુનિયાભરનો પ્રેમ વહાવી મમતા છલકાવે માતા.
કદી ન ખૂટે પ્રેમ એનો વાત્સલ્ય દેવી માતા.
એક બાજુ દુનિયા આખી, બીજી બાજુ માતા.
તોલી ન તોલાય મમતા એવી આપણી માતા.
કદર એની કરીને સપના કરજો પૂરા.
ઉપકાર એનો માનીને નમન કરજો ખરાં.

જિજ્ઞાસા યુ જોષી, " શુક"

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક :-
સાહિત્ય સરિતા

NOG SS No : 0030

વિષય : મા-બાપ

શીર્ષક : તોલે ગવાતું નથી...

વિભાગ / પ્રકાર : પદ્ય / અછાંદસ રચના

હું સહુને કહું એક વાત આજે કે દુઃખ સાથે જીવાતું નથી,
જાણીએ સહુ આજે આપણે કે સુખ વિના રહેવાતું નથી.
કોઈને કોઈનો સાથ જરૂરી, નહિ તો તે એકલું મલકાતું નથી,
ડાબાને છે જમણું જરૂરી, બાકી ક્યારેય પગલું ભરાતું નથી.
ખળખળ વહેતી નદીમાં કદી પાણીનું વહેણ રોકાતું નથી,
લાગણીઓનાં તોલે ક્યારે પણ સંબંધનું માપ મપાતું નથી.
બીજાની પ્રેમ ભરેલી લાગણીઓથી દુઃખડું જોને ટંકાતું નથી,
હુંફ મળે કેટલીયે પણ એ મા-બાપનાં પ્રેમ તોલે ગવાતું નથી.
બાગમાં ખીલેલાં ફૂલોની સુગંધ પ્રકૃતિથી છીનવાતી નથી,
પ્રેમની લાગણીઓમાં ક્યારેય મેળ વિના મન બંધાતું નથી.
તારી ને મારી સંવેદના પ્રેમની ભૂખ વિના સંતોષાતી નથી,
છતાંય આપણા સંબંધની રૂપરેખામાં હૈયે ખોટું છપાતું નથી.
સહુથી જોડાયેલી લાગણીઓ એમ કાંઈ વેડફાતી નથી,
શબ્દના તાપણે થયેલું જે, એ મિલન હવે ભૂલાતું નથી.

ધિરેનકુમાર કે. સુથાર "ધીર"
"D.K......" - વડોદરા

## ભારત સરકારના રાષ્ટ્રીય કામધેનુ આયોગ દ્વારા લેવાનાર ગૌ વિજ્ઞાન પ્રચાર-પ્રસાર પરીક્ષા અંગે માહિતી તથા આયોજન અર્થે જોય એકેડમી દ્વારા વેબીનાર




ભારત સરકારના રાષ્ટ્રીય કામધેનુ આયોગ દ્વારા લેવાનાર ''ગૌ વિજ્ઞાન પ્રચાર-પ્રસાર પરીક્ષા' અંગે માહિતી તથા આયોજન અર્થે જોય એકેડમી (યુ. એસ. એ.) દ્વારા વૈશ્વિક સ્તરે વેબીનાર યોજાશે. રાષ્ટ્રીય કામધેનુ આયોગના ગોવ્રતી અધ્યક્ષ, પૂર્વ સાંસદ, પૂર્વ કેન્દ્રીય મંત્રી, ૧૨૮ વખત રકતદાન કરી ચૂકેલા શતકવીર રકતદાતા ડો. વલ્લભભાઈ કથીરિયા અને અખીલ ભારતીય ગૌ સેવા ગતિવિધિના સહ સંયોજક શ્રી અજીત પ્રસાદ મહાપાત્રા માર્ગદર્શન આપશે. સમગ્ર વિશ્વમાંથી એક કરોડ વિદ્યાર્થીઓ-આબાલ વૃધ્ધો રાષ્ટ્રીય કામધેનુ આયોગ દ્વારાઆયોજીત'' કામધેનુ ગૌ વિજ્ઞાન પ્રચાર-પ્રસાર પરીક્ષા'' માં ભાગ લેશે. વેબીનાર તા.૧૪/ફેબ્રુઆરી/૨૦૨૧ ના રોજ ઝૂમ ના માધ્યમથી **id 81385833119 pw 191330** સમય રાત્રે ૦૯:૩૦ કલાકે રહેશે. પરીક્ષાને લગતી વધુ વિગતો માટે રાષ્ટ્રીય કામધેનુ આયોગની વેબસાઈટ **WWW.KAMDHEN.GOV.IN** પર કલીક કરવા યાદીમાં જણાવાયું છે. વિશેષ માહિતી માટે, મિતલ ખેતાણી મો. ૯૮૨૪૨૨૧૯૯૯, અમરકુમાર મો. ૯૮૯૮૪૫૭૭૫૭, સુનીલ કાનપરીયા મો.૯૭૨૪૦ ૬૬૫૧૧, તેજસ ચોટલીયા મો.૯૦૬૭૨૧૧૯૩૧ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## ભારતીય સેના સાઉદી અરબમાં યુદ્ધાભ્યાસમાં જોડાય તેવી શક્યતા

ન્યુ દિલ્હી,તા.૧૪

સાઉદી અરબ અને ભારત ટૂંક સમયમાં જ દ્વિપક્ષીય સૈન્ય અભ્યાસ કરવા જઈ રહ્યું છે. આ અત્યાર સુધીના ઈતિહાસમાં આ બંને દેશોની વચ્ચે પહેલો યુદ્ધાભ્યાસ હશે. આજથી પહેલાં સાઉદી અરબ પોતાની સેનાને યુદ્ધની બારીકાઇ શીખવા માટે પાકિસ્તાન અને અમેરિકાના ભરોસે રહેતું હતું. પરંતુ મોદી સરકારની વિદેશ નીતિ અને તાજેતરમાં ભારતીય સેનાના પ્રમુખ જનરલ એમએમ નરવણેની રિયાદ યાત્રા બાદ સાઉદી અરબની વિદેશ નીતિમાં મોટો બદલાવ દેખાઈ રહ્યો છે.

એક રિપોર્ટ અનુસાર આ યુદ્ધાભ્યાસ સાઉદી અરબમાં આયોજીત કરાશે. તેના માટે ભારતીય સેનાનોનો એક પક્ષ થોડાંક મહિનામાં સાઉદી અરબના પ્રવાસ પર જઈ શકે છે. આ યુદ્ધાભ્યાસથી માત્ર સાઉદી અરબની સેનાની તાકાતમાં વધારો થશે, પરંતુ ખાડીના દેશોમાં રણનીતિક સ્થિતિમાં પણ મોટો ફેરફાર થશે.

ગયા વર્ષના અંતિમ મહિનામાં ભારતીય સેના પ્રમુખ જનરલ એમએમ નરવણે યુએઈ અને સાઉદી અરબના ઐતિહાસિક પ્રવાસ પર પહોંચ્યા હતા. આ બારતના કોઈપણ સેના પ્રમુખની મુલાકાત કરી. પરંતુ અહીંના મોટા પાયાના કેટલાંય નેતાઓની સાથે પણ બેઠકો પણ કરી હતી. તેના લીધે જ સાઉદી અરબે ભારતની સાથે યુદ્ધાભ્યાસ કરવાનો નિર્ણય લીધો છે.

સાઉદી અરબના ભારત સાથે સૈન્ય સંબંધ વધતા પાકિસ્તાન માટે તગડો ઝાટકો છે. અત્યાર સુધી પાકિસ્તાન પોતાની સેનાની લાલચ આપીને જ સાઉદી અરબ પાસેથી ખેરાત મેળવતું હતું. પરંતુ ગયા વર્ષે કાશ્મીરને લઈ પ્રિન્સ સલમાનની આલોચના કરતાં પાકિસ્તાન અને સાઉદી અરબના સંબંધ સૌથી ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા છે. સાઉદીને મનાવવા પહોંચેલા પાકિસ્તાનના સેના પ્રમુખ જનરલ કમર જાવેદ બાજવાને પણ પ્રિન્સને મળ્યા વગર ખાલી હાથ આવું પડ્યું હતું.

### ભારતની તાકાતમાં વધારો, ટેન્કને ૮૪૦૦ કરોડના ખર્ચે તૈયાર કરાઈ

## વડાપ્રધાન મોદીએ ૧૧૮ હાઈટેક અર્જુન ટેન્ક (MK-1A) સેનાને સોંપી

ચેન્નાઈ,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચેન્નાઈમાં તેમણે ૧૧૮ હાઈટેક અર્જુન ટેંક (MK-1A) સેનાને સોંપી છે. આ પ્રસંગે વડાપ્રધાને સલામી પણ આપી હતી. આ દરમિયાન આર્મી ચીફ એમ.એમ. નરવણે પણ હાજર રહ્યા હતા. આ ટેંકને ૹઈૹએ ૮૪૦૦ કરોડના ખર્ચે તૈયાર કરી છે. પીએમ મોદીએ તમિલનાડુમાં ૩,૭૭૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા ચેન્નઈ મેટ્રો રેલ ફેજ-૧ એક્સટેંશનનું ઉદઘાટન કર્યું. પીએમ મોદીએ ચેન્નઈ અને અટિપટ્ટૂ વચ્ચે ચોથી રેલ લાઈનનું ઉદ્ધાટન કર્યું હતું.

વડાપ્રધાન મોદીએ પુલવામાં હુમલામાં શહીદ જવાનોને શ્રદ્ધાંજલી આપી હતી. મોદીએ સંબોધન કરતાં જણાવ્યુ હતું કે આજનો દિવસ કોઈ ભારતીય ભૂલી શકે નહીં. આજથી બે વર્ષ પહેલાં આજના જ દિવસે પુલવામામાં હુમલો થયો હતો. અમે તે બધા શહીદોને શ્રદ્ધાંજલિ આપીએ છીએ જેમણે તે હુમલામાં પોતાનો જીવ ગુમાવ્યો હતો. અમને આપણા સુરક્ષા દળો પર ગર્વ છે. તેમની હિંમત આવનારી પેઢીઓને પ્રેરણા આપશે. આજે મેં દેશમાં બનાવેલ અને ડિઝાઈન કરેલી અર્જુન મેન બેટલ ટેંકને સોંપી છે.

વડાપ્રધાને ચેન્નઈમાં કહ્યું, ×વણક્ક્મ ચેન્નઈ, વણક્ક્મ તમિલનાડુ. આ શહેર ઉર્જા અને સકારાત્મકતાથી ભરેલું છે. અહીં હાર્દિક સ્વાગત માટે આભાર. તમારા પ્રેમ અને સ્નેહથી અભિભૂત થયો. અમે ચેન્નાઈમાં ૩ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ શરૂ કર્યા છે. આ પ્રોજેક્ટ દેશના વિકાસનું પ્રતીક છે. તે તમિલનાડુનો વિકાસ દર્શાવે છે.

પીએમ મોદીએ કહ્યું કે તામિલનાડુ પહેલાં જ ભારતનું ઓટોમોબાઈલ નિર્માણ હબ છે. હવે હું તામિલનાડુને ભારતના ટેંક નિર્માણ હબ તરીકે વિકસિત થતાં જોઈ રહ્યો છું. આજે દુનિયા ભારતને મોટા ઉત્સાહ અને સકારાત્મકતાની સાથે જોઈ રહ્યો છું. આ દાયકો ભારતનો થવા જઈ રહ્યો છે. ભારત સરકાર તેના માટે દરેક શકય પ્રયાસ કરવા પ્રતિબદ્ધ છે. અર્જુન ટેંક સેનાને સોંપતા પીએમ મોદીએ કહ્યું કે આજે મને મારા દેશની રક્ષા માટે બીજા એક યૌદ્ધાને દેશને સમર્પિત કરવા પર ગર્વ છે. મને સ્વદેશી અર્જુન ટેંક (માર્ક-૧છ) દેશને સોંપવા પર ગર્વ છે. બે ડિફેન્સ કોરિડોર્સમાંથી એક તામિલનાડુમાં છે. કોરિડોરને પહેલાં જ ૮૧૦૦ કરોડ રૂપિયાના રોકાણનું કમિટમેન્ટ મળી ચૂકયું છે. ડીઆરડીઓએ અર્જુન ટેંકની ફાયર પાવર ક્ષમતાને ખૂબ વધારી દીધી છે. અર્જુન ટેંકમાં નવી ટેક્નોલોજીની ટ્રાન્સમિશન સિસ્ટમ છે જેથી તે પોતાના લક્ષ્યને સરળતાપૂર્વક શોધી શકે છે. તે યુદ્ધના મેદાનમાં જે માઈન્સ ફેલાવવામાં આવી હોય તેને ખસેડીને સરળતાપૂર્વક આગળ વધવા સક્ષમ છે. તેમાં કેમિકલ એટેકથી બચવા માટેના સ્પેશિયલ સેન્સર પણ લાગેલા છે.

## ચેપોકમાં અશ્વિનનો તરખાટઃ ઇંગ્લેન્ડ ૧૩૪ રનમાં સમેટાયું



ચેન્નાઈ,તા.૧૪

ચેન્નઈના ચેપોક સ્ટેડિયમમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ સીરિઝની બીજી મેચ રમાઈ રહી છે. જેમાં બીજા દિવસની રમત દરમિયાન ભારતીય સ્પિન બોલિંગ આક્રમણના તરખાટની સામે ઈંગ્લેન્ડનું બેટિંગ આક્રમણ ધરાશાયી થઈ ગયું છે. ઈંગ્લેન્ડની ટીમ પહેલી ઈનિંગ્સમાં ૫૯.૫ ઓવરમાં ૧૩૪ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ છે. આ સાથે જ ભારતીય ટીમને પ્રથમ ઈનિંગ્સમાં ૧૯૫ રનની લીડ મળી ગઈ છે. બીજા દિવસના અંતે ભારતે એક વિકેટ ગુમાવી ૫૪ રન કર્યા છે. આ સાથે જ કુલ લીડ ૨૪૯ રનની થઈ છે. રોહિત શર્મા ૨૫ રને તો પૂજારા ૭ રને રમતમાં છે.

ભારત માટે રવિચંદ્રન અશ્વિને સૌથી સારી બોલિંગ કરતા ૨૩.૫ ઓવરમાં ૪૩ રન આપીને ૫ વિકેટ લીધી હતી. જ્યારે અક્ષર પટેલે પણ ૨૦ ઓવરમાં ૪૦ રન આપીને ૨ વિકેટ અને ઈશાંત શર્માએ ૫ ઓવરમાં ૨૨ રન આપીને ૨ વિકેટ લીધી હતી. અને મોહમ્મદ સિરાજે ૫ ઓવરમાં ૫ રન આપીને ૧ સફળતા મેળવી હતી. ઈંગ્લેન્ડ માટે બેન ફ્લોક્સે અણનમ ૪૨ રનની મહત્વપૂર્ણ ઈનિંગ્સ રમી હતી. જયારે ઓલી પોપે ૨૨ તથા બેન સ્ટોક્સે ૧૮ રન બનાવ્યા હતા. પહેલી ટેસ્ટના હિરો જો રૂટ માત્ર ૬ રન બનાવીને અક્ષર પટેલનો શિકાર બન્યો હતો.

બીજી દિવસની રમતની શરૂઆત ભારતીય ટીમે ૬ વિકેટના નુકસાને ૩૦૦ રનથી કરી હતી. જોકે ભારતની શરૂઆત સારી નહોતી રહી અને તમામ ખેલાડીઓ મળીને ૨૯ રન જ વધારે ઉમેરી શક્યા હતા. જેમાં રિષભ પંતે ૫૮ રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. જયારે પહેલા દિવસની રમત દરમિયાન રોહિત શર્માએ ૧૬૧ અને અજિંક્ય રહાણેએ ૬૭ રનની ઈનિંગ્સ રમી હતી. આમ ભારતનો સ્કોર ૯૫.૫ ઓવરમાં ૩૨૯ થયો હતો. ટેસ્ટ સીરિઝની વાત કરીએ તો ઈંગ્લેન્ડની ટીમ પહેલાથી જ ૧ ટેસ્ટ જીતીને સીરિઝમાં ૧-૦થી લીડ મેળવી ચૂકી છે. એવામાં ભારતીય ટીમને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલમાં પહોંચવા માટે બાકીની ૩ અથવા ઓછામાં ઓથી ૨ ટેસ્ટ મેચ જીતવી જરૂરી છે. જયારે ઈંગ્લેન્ડને આ માટે ૩ અથવા ૪ ટેસ્ટ મેચો જીતવાની જરૂર છે. આગામી બંને ટેસ્ટ મેચ હવે અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં રમાશે. જેમાંથી એક ટેસ્ટ પિંક બોલ પર ડે-નાઈટમાં રમાશે. ભારતીય બેટ્સમેન ચેતેશ્વર પૂજારા ઈંગ્લેન્ડની પહેલી ઈનિંગ દરમિયાન ફીલ્ડિંગ માટે ઉતર્યો ન હતો. રિઝર્વ ખેલાડી મયંક અગ્રવાલે તેની જગ્યાએ મેદાનમાં ઉતર્યો હતો. મેચના પહેલા દિવસે બેટિંગ કરતી વખતે પૂજારાને હાથમાં ઈજા થઈ હતી. પ્રથમ ઈનિંગ્સમાં તેણે ૫૮ બોલમાં ૨૧ રન બનાવ્યા હતા. ભારતીય વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતે સતત ચોથી ટેસ્ટમાં ફિફ્ટી ફટકારી છે. તેણે શ્રેણીની પહેલી ટેસ્ટ મેચની પ્રથમ ઈનિંગ્સમાં ૯૧ રનની ઈનિંગ્સ રમી હતી. આ પહેલા તેણે બ્રિસ્બેનમાં ઓસ્ટ્રેલિયા સામે ૮૯ અને સિડનીમાં ૯૭ રન બનાવ્યા હતા.

# અમેરીકાના કેલિફોર્નિયામાં ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણી ધામધૂમ પૂર્વક કરવામાં આવી




આર્ટેસિયા કેલિફોર્નિયામાં ૨૪ જાન્યુઆરી ૨૦૨૧. ના દિવસે સધર્ન કેલિફોર્નિયાના ભારતીય સમુદાયોના ગોપિયો અને લાયન્સ કલબ લિટલ ઈન્ડિયાના ઓરેંજ કાઉન્ટી વગેરેઓએ સાથે મળીને ભારતના પ્રજાસત્તાક દિવસની ઝુમ ઉપર ઉજવણી કરી હતી. મિ. ભૂટાની એ ભાગ લેનાર સૌને આવકારીને ભૂતકાળની વિવિધ પ્રવ્રિત્તિ ઓ નું વિવરણ કર્યું હતું. તેમજ ભારત અને અમેરીકન રાષ્ટ્રગીતનું ગાન કરવામં આવ્યું હતું...ત્યારબાદ શ્રી પ્રકાશ પંચોલીએ કેવી રીતે માનનિયશ્રી ડૉ.આંબેદકરે અને બંધારણ સભાએ ૮ આર્ટિકલમાં બંધારણ નો સમાવેશ કરેલો આ ૮ આર્ટિકલ ની વિગતવાર માહિતી શ્રી પ્રકાશ પંચોળીએ રજુ કરી. ભારત દેશ ના બંધારણ માંથી ૪૪૬ કલમોની ઉપસ્થિત અમેરિકન શહેરો ના માનનીય મેયરો ને સમજ પાડી ને લોકશાહી ની મિસાલ અમેરિકા માં રજુ કરી. આ પ્રસંગે ઉપસ્થિત ભારતિય રાજદુતશ્રી નાગેન્દ્ર પ્રસાદ દ્વારા ભારતીય લોકશાહી પરત્વે મનનિય પ્રવચન રજુ કરવામાં આવ્યું અને સૌને આ પ્રસંગની શુભેચ્છાઓ પાઠવી. સાવિત્રી એકેડેમીના વિધ્યાર્થીઓ દ્વારા ગણેશ વંદના દ્વારા સાંસ્કુતિક કાર્યક્રમ શરૂ થયો. લખનૌ થી નેહા તથા અનુજ મિશ્રા એ અતિથિ કલાકાર તરીકે સુંદર કથ્થક ન્રૃત્ય રજુ કર્યું. લિમકા વિશ્વ રેકર્ડ મા સ્થાન પામનાર કુ. વિનયની એ પ્રેક્ષકો ને મોહી લીધા. આ સુંદર કાર્યક્રમ ના આયોજક શ્રી અમ્રુત ભંડારી, અજય ખેતાણી, વિલાસ જાદવ, રમેશ રામનાની. મોહન શર્મા, કાંતિભાઈ શાહ હતા. સંપાદન કર્તા શ્રી પ્રકાશ પંચોળી એ આભાર વિધી કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું એમ કાન્તિભાઈ મિસ્ત્રી અને હર્ષદભાઈ શાહની અખબારી યાદી જણાવે છે.

# પાલનપુર ભારતીય જનતા પાર્ટી વોર્ડ નંબર ૬ના ઉમેદવાર પાર્થ અશોક ભાઈ ઠાકોર ના દસ વર્ષના કાર્યક્રમની એક જલક



ધાર્મિક કાર્ય હોય કે સામાજિક કાર્ય છેલ્લા દસ વર્ષોથી સક્રિય રહીને લોકસેવામાં અગ્રેસર ભારતીય જનતા પાર્ટી પાલનપુર વોર્ડ નં ૬ થી ઊભેલા ઉમેદવાર શ્રી પાર્થ અશોકભાઈ ઠાકોર જે છેલ્લા દસ વર્ષોથી સેવાકીય સંસ્થા ધાર્મિક સંસ્થા તેમજ લોક સેવાનું ઉત્તમ કાર્ય કરી રહ્યાં છે તેમજ ગરીબ મધ્યમ વ્યક્તિઓને વાર તહેવારો માં પણ આર્થિક અને સામાજિક મદદ કરી રહ્યાં છે કોઈપણ સમાજના ભેદભાવ વિના પાર્થ અશોક ભાઈ ઠાકોર છેલ્લા દસ વર્ષોથી જરૂરિયાત મુજબ લોકો નિ સહાય કરી રહ્યાં છે સમાજમાં સારી છબી ધરાવતા પાર્થ અશોકભાઈ ઠાકોર ને ટિકિટ મળતા વોર્ડ નં ૬ મા લોકોમાં ખુશી જોવા મળી પાલનપુર ગઠામણ દરવાજા આવેલ જય શ્રી અંબે સેવા ટ્રસ્ટની વાનરસેના ના ઉપપ્રમુખ તરીકે પાર્થ અશોક ભાઈ ઠાકોર છેલ્લાં દસ વર્ષો થી સામાજિક આર્થિક અને ધાર્મિક હેતુથી લોક સેવાના ઉત્તમ કાર્ય કરી રહ્યા છે તેમજ લોકોને બ્લડની જરૂરિયાત પૂરી પાડતી સંસ્થા ગરિબોને ભોજન આપતિ સંસ્થા ધાર્મિક ક્ષેત્રમાં કાર્ય કરતી સંસ્થા આર્થિક ક્ષેત્રમાં કાર્ય કરતી સંસ્થા માં રહીને છેલ્લા ૧૦ વર્ષોથી ઊંડુ યોગદાન આપી રહ્યા છે નાની ઉંમરમાં લોકસેવાના ઉત્તમ કાર્યો કરી પાર્થ અશોક ભાઈ ઠાકોર સારી છબી ધરાવે છે

## The Real Hero

# કોન્સટેબલ અકસ્માતમાં ઈજાગ્રસ્ત બાળકીને ખભે ઉંચકીને સારવાર માટે દવાખાને ખસેડી

અરવલ્લી બ્યુરો મોડાસા

સામાન્ય રીતે પોલીસ સામે ગંભીર આરોપ લાગતા હોય છે અને સવાલો ઉભા થતા હોય છે પોલીસનું નામ સાંભળતા આરોપીઓમાં ફફડાટ આવી જાય છે. ક્યારેક નાનું છોકરું રડતું હોય ત્યારે તેને ચૂપ કરાવવા મા-બાપ પણ પોલીસની બીક બતાવતા હોય છે. ખાખી વર્દીમાં કડક દેખાતી પોલીસમાં પણ કેટલી માનવતા ભરી છે તેનું ઉદાહરણ તલોદ નજીક આવેલા રણાસણ નજીક અકસ્માતમાં જોવા મળ્યું હતું રણાસણ નજીક અકસ્માતની ઘટનામાં એક બાળકી ઈજાગ્રસ્ત થતા પેટ્રોલીંગ કરી રહેલી તલોદ પીઆઈ અને તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી ઈજાગ્રસ્ત બાળકીને કોન્સટેબલે ખભે ઉંચકી



નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે પહોંચ્યો હોવાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા લોકોએ તલોદ પોલીસની સમગ્ર પંથકમાં ભારે સરાહના થઈ રહી છે

તલોદ પી.એસ.આઈ બી.ડી.રાઠોડ અને તેમની ટીમ તેમના વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી ત્યારે રણાસણ ગામ નજીક અકસ્માતની ઘટના બનતા તાબડતોડ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અકસ્માતમાં એક સાત થી ૮ વર્ષનું બાળક ઈજાગ્રસ્ત થયું હોવાની સાથે દર્દથી કણસી રહ્યું હોવાથી કોન્સટેબલ મયુરધ્વજસિંહ નામનો પોલીસ કોન્સટેબલ એમ્બ્યુલન્સની રાહ જોયા વગર હોસ્પિટલ નજીક હોવાથી ઈજાગ્રસ્ત બાળકને ખભે ઉંચકી સારવાર માટે ખસેડી હતી પાછળ તલોદ પીએસઆઈ બી.ડી.રાઠોડ પણ દોડ્યા હતા પોલીસની સરાહનીય કામગીરીનો વિડીયો સ્થળ પર હાજર કોઈ જાગૃત નાગરિકે ઉતારી સોશ્યલ મીડિયામાં વાયરલ કરતા કોન્સટેબલ મયુરધ્વજસિંહ અને તલોદ પોલીસની કામગીરીને લોકોએ આવકારી હતી

## ખાખીની બુટલેગરો સાથેની ભાઈબંધી વધુ એક વાર ખુલ્લી પડી

# મેઘરજ પીએસઆઇ બુટલેગરની ઓડીયો કલીપ વાયરલ થતા એસપીએ સસ્પેન્ડ કર્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં ખાખી વર્દીમાં રહેલા ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ તોડ પાણી કરતા હોવાની ઘટનાઓ સમયાંતરે બનતી રહે છે જીલ્લામાં સ્વચ્છ છબી ધરાવતા પોલીસવડા સંજય ખરાતના આગમન પછી બુટલેગરો સાથે ભાઈબંધી રાખતા ભ્રષ્ટ પોલીસ કર્મચારીઓ સામે સખ્ત કાર્યવાહી કરી સસ્પેન્ડ કરી ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓમાં દાખલો બેસાડી રહ્યા છે તેમ છતાં બે નંબરી આવકમાં મદમસ્ત બનેલા જીલ્લાના કેટલાક ભ્રષ્ટ પોલિસ અધિકારીઓ અને કર્મચારીઓ નોકરીના ભોગે પણ ભાઈબંધી નીભાવી રહ્યા હોવાની અનેક ઘટનાઓ સતત બહાર આવતા ખાખી કલંકીત થઈ રહી છે ત્યારે મેઘરજ પીએસઆઈ એન.એમ



સોલંકીની બુટલેગર સાથે વાતચીત કરતી અને રાજસ્થાનના ઠેકા પરથી મોંઘીદાટ બોટલ લેતા આવવાનું પણ કહી રહ્યા હોવાની ઑડીયો કલીપ વાયરલ થતા પોલીસબેડામાં ખળભળાટ મચ્યો છે ઑડીયો કલીપ વાયરલ થતા એસપી સંજય ખરાતે ઑડિયો કલીપની તપાસના આદેશ આપી દીધા હતા અને ગણતરીના કલાકોમાં પીએસઆઈ એન.એમ.સોલંકીને સપ્સેન્ડ કરી દીધો હતો

મેઘરજ પી એસ આઈ એન એમ સોલંકી અને બુલેગર ની ઉત્તરાયણ પહેલાનો વાતચીતનો ઓડિયો ક્લિપ વાયરલ થયો છે જેમાં બુટલેગર અને પીએસઆઇ સોલંકી એક બીજાના ભાઈબંધ હોય તેમ વાત કરી રહ્યા છે જેમાં રાજસ્થાન દારૂની મહેફીલ માણવા ગયેલ શખ્સ દારૂની બે બોટલ સાથે મેઘરાજની રાજસ્થાનને અડીને આવેલ આંતરરાજ્ય સરહદ પરથી પ્રવેશવા દેવા અને ચેકપોસ્ટ પર ફરજ પરના પોલીસકર્મીઓને આવવા દેવા ગોઠવણ કરી આપવાનું કહી રહ્યો છે તો સામે પીએસઆઈ પણ સામેના શખ્શને મારા માટે સિગ્નેચરની બોટલ લઇ અવાજો તેમ કહી રહ્યા છે અને આગળનો વહીવટ પણ પતાવી દીધો હોવાનું વાતચીતમાં ઉલ્લેખ છે દારૂની બે બોટલ લાવવાનું કહેનાર શખ્સને પીએસઆઈ વોટસઅપ કોલિંગ કરવાનું કહી રહ્યા છે બીજીબાજુ નેટવર્ક ન હોવાથી વોટસઅપ કૉલિંગ લાગતો ન હોવાનું શખ્શ કહી રહ્યો છે જે અંગેની ઓડિયો કલીપ વાયરલ થતાની સાથે રવિવારે વહેલી સવારથી જ જીલ્લા પોલીસ બેડામાં હડકંપ મચ્યો હતો મેઘરજ પીએસઆઈ સાથે ઑડિયો કલીપમાં વાત કરનાર શખ્સ કોણ ...?? ઑડિયો કલીપમાં અગાઉના વહીવટની વાત કરી રહ્યો છે તો આ શખ્શે શાનો વહીવટ કર્યો હતો...?? તેમજ વાયરલ ઑડિયો કલીપની તટસ્થ તપાસ થશે કે કેમ....? અને ઑડિયો ક્લીપમાં વાત કરનાર શખ્સ જીલ્લામાં અન્ય પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના સંપર્કમાં છે કે નહી તે અંગે પણ જીલ્લા પોલીસવડા તપાસ કરાવશે કે નહીં.....?? સહીત તરેહ તરેહની ચર્ચાઓ પોલીસબેડાંમાં થઇ રહી છે . અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાત સુધી મેઘરજ પીએસઆઈ સોલંકી અને બુટલેગર સાથે વાતચીતની વાયરલ થયેલી ઓડિયો કલીપ પહોંચતા એસપીએ તાત્કાલિક અસરથી વાયરલ ઑડિયો કલીપ અંગે તપાસના આદેશ આપી દીધા હતા અને ગણતરીના કલાકોમાં પીએસઆઈ સોલંકીને સસ્પેન્ડ કરી દેતા પોલીસબેડામાં ખળભળાટ મચ્યો હતો

## માલપુરના અંધારવાડીમાં મકાન આગમાં ખાખ

# ઘરવખરી અને ઘાસચારો સ્વાહા થતા શ્રમજીવી પરિવાર પર આભ તૂટી પડ્યું


અરવલ્લી બ્યુરો મોડાસા

માલપુરના અંધારવાડીમાં રહેતા શ્રમજીવી પરિવારના ઘરમાં અગમ્ય કારણોસર આગ લાગતા ઘરમાં પશુઓ માટે સંગ્રહ કરેલ ઘાસચારો અને ઘરવખરી બળીને ખાખ થઈ જતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું આગની ઘટનાને પગલે આજુબાજુ માંથી લોકો દોડી આવ્યા હતા અને આગ પર પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ કાબુ મેળવ્યો હતો માલપુરના સેવાકીય કાર્યો સાથે સંકળાયેલ લાલજી ભગતે શ્રમજીવી પરિવારના મકાનમાં આગના પગલે ભારે નુકશાન થતા જવાબદાર તંત્ર દ્વારા સર્વેની કામગીરી હાથધરી ભોગ બનનાર પરિવારને સહાય ચૂકવવામાં આવેની માંગ કરી હતી



રવિવારની સવાર માલપુરના અંધારવાડી વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવાર માટે આફત લઈને આવી હતી અંધારવાડીમાં રહેતા લક્ષ્મણભાઈ કોહ્યાભાઈ કોટવાળના મકાનમાં સવારે ૧૦ વાગ્યાના સુમારે અગમ્ય કારણોસર આગ લાગતા ઘરવખરી અને પશુઓ માટે સંગ્રહ કરી રાખેલો ઘાસચારો આગમાં રાખ થઈ ગયો હતો આગની ઘટનાના પગલે આજુબાજુથી લોકો દોડી આવી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેતા આગ પ્રસરતા અટકતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો આગની ઘટનાને પગલે શ્રમજીવી પરિવારે ભારે નુકશાન વેઠવાનો વારો આવતા પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા

# ભારતમાં જય શ્રીરામ નહી બોલીયે તો પાકિસ્તાનમાં બોલીશું?: સિસોદિયાનો હુંકાર



સુરત,તા.૧૪

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને પગલે રાજકીય રંગ બરાબરનો જામ્યો છે. રાજ્યની ૬ કોર્પોરેશનમાં ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયા બાદ ગઈકાલે છેલ્લા દિવસે પાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયત માટે ઉમેદવારોનો ફોર્મ ભરવા માટે ભારે ધસારો જોવા મળ્યો હતો. હવે આજે રવિવારે આજથી દરેક પાર્ટીએ ઝંઝાવાતી પ્રચાર શરૂ કર્યો છે. સુરતમાં ચૂંટણી પ્રચાર માટે આજે દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા આવ્યા છે. સુરતમાં આમ આદમી પાર્ટી દ્વારા રોડ શૉનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યાં પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન દિલ્હીમાં 'જય શ્રીરામ' બોલવા પર થયેલી યુવકની હત્યા અંગે પ્રશ્ન પૂછવામાં આવતાં તેમણે જણાવ્યું હતું કે, ભારતમાં જય શ્રીરામ નહી બોલીએ, તો ક્યાં પાકિસ્તાનમાં બોલીશું..? ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું એક હથ્થુ શાસન વર્ષોથી હોવા છતાં પણ ગુજરાતના વિકાસ ઓછો અને ભ્રષ્ટાચાર વધુ થયું છે. શહેરના સરથાણાથી હીરાબાગ સુધી મનિષ સિસોદિયાનો રોડ શૉ યોજાયો.

સુરતમાં રોડ શૉ પહેલા મનિષ સિસોદિયાએ પત્રકાર પરિષદ સંબોધીને ભાજપ અને કોંગ્રેસ બન્નેને આડેહાથ લેતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ દરેક ચૂંટણી ભાજપને જીતાડવા માટે જ લડી રહી છે. અત્યાર સુધી ગુજરાતની પ્રજા પાસે કોઈ વિકલ્પ નહતો, પરંતુ હવે લોકો અમારી સાથે જોડાઈ રહ્યાં છે. મહાનગર પાલિકાની ચૂંટણીમાં આપ અને ભાજપ વચ્ચે જ કાંટાની ટક્કર જોવા મળશે. મનિષ સિસોદિયાએ વધુમાં જણાવ્યું કે, સુરતની પાટીદાર વિસ્તારની કેટલીક સોસાયટીમાં ભાજપ અને કોંગ્રેસ વિરુદ્ધ બેનરો લાગ્યા છે. જેના કારણે અમારો વિશ્વાસ વધ્યો છે. જો અમે સુરતમાં જીતીશું, તો દિલ્હીનું મોડલ અહીં પણ લાવીશું. અમદાવાદના ખોખરા વિસ્તારમાં ભાજપના ઉમેદવારોના પ્રચારમાં વેલેન્ટાઈન ડેનો રંગ જોવા મળ્યો હતો. જેમાં ભાજપના ઉમેદવારો પોતાના પરિવાર સાથે પ્રચાર માટે નીકળ્યા હતા. જ્યાં તેમણે ગુલાબના ફૂલ અને ફુગ્ગા આપીને પ્રચાર કર્યો હતો. અહીં ચૂંટણી પ્રચાર માટે ગજરાજ બોલાવવામાં આવ્યા હતા. રાજકોટના વોર્ડ નં-૭માં ભાજપના ઉમેદવારો પોતાના સમર્થકો સાથે ડોર-ટૂ-ડોર પ્રચાર કરીને મત માંગી રહ્યા છે. ભાજપના ઉમેદવારોએ પોતાના પ્રચારમાં ખાસ કાર્ટૂન કેરેક્ટર્સને પણ સામેલ કર્યા છે. અહીંના વોર્ડ નંબર ૭માં કિસાનપરા વિસ્તારમાં ભાજપના કાર્યકર્તાઓએ કાર્ટૂન કેરેક્ટરનો વેશ ધારણ કરીને પ્રચાર કરતાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. બીજી તરફ રાજકોટ વોર્ડ નંબર ૭ના કોંગ્રેસ ઉમેદવારોએ સાયકલ પર પ્રચાર શરૂ કર્યો હતો.

## રાજપીપળાવડીયા જકાતનાકા પાસે આવેલ

# રાજતિલક કોમ્પલેક્ષ પાસે પાર્ક કરેલી ક્રેટા ગાડીમાથી૧.૯૦લાખની રોકડ રકમની ચોરી

રાજપીપળા તા ૧૪

રાજપીપળાવડીયા જકાતનાકા પાસે આવેલ રાજતિલક કોમ્પલેક્ષ પાસે પાર્ક કરેલી ક્રેટા ગાડીમાથી૧.૯૦લાખની તથા ગાડીના મહત્વના કાગળોની ચોરીની ફરિયાદ રાજપીપળા પોલીસ. મથકમા નોંધાઈ છે. જેમાફરિયાદી હરદિપપાલસિંહ અનિરુદ્ધસિંહ ગોહિલ (રહે, ગોપાલપુરા વૃંદાવન ફળિયું )એ અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ કરી છે. ફરિયાદની વિગતો મુજબ ફરિયાદી હરદીપપાલસિંહ ની ક્રેટા ગાડીમાં પાછળની સાઈડ પર પડેલી લેધરની ઓફિસ બેગમાં જેમાં આશરે મુકેલો ૧૯૦૦૦૦/- રૂ. તથા તેમાં હરદીપપાલસિંહ ની મીની ટ્રેક્ટર નં.જીજે ૨૨ એચ ૪૬૫૨ મારુતિ અલટીકા કાર જેનો નં. જીજે ૨૨ એચ ૧૨૦૦, બુલેટ બાઇક નંબર જીજે ૨૨ એફ ૯૧૧૧, ટીવીએસ બાઇક નંબર જીજે ૨૨ બી ૮૧૧૧ તથા હીરો મેસ્ટ્રો સ્કુટીનો નંબર જીજે ૨૨ ઈ ૯૦૧૮ તથા હીરો સ્પ્લેન્ડર બાઇક નંબર જીજે ૨૨ એલ ૯૧૧૧ ની ઓરીજીનલ આરસી બુક તથા ઈન્સોર્ન્સ ની નકલ તથા બચત ખાતા તથા ચાલુ ખાતાની ચેક બુકો,એટીએમ કાર્ડ તથા પાસબુક તથા આધાર કાર્ડ, પાન કાર્ડ,ચૂંટણી કાર્ડ,ડ્રાઈવિંગ લાઈસન્સ તથા અન્ય ડોક્યુમેન્ટ મુકેલા હતા. જે કોઈ અજાણ્યો ઈસમ ગાડીના કાચ તોડી તેમાંથી ચોરી કરી લઈ જઈ નાસી .જતા તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# ડભોઈ—સેગવા—પોઈચા રસ્તા પર આવેલો નર્મદા નદીનો પુલ એક મહિના માટે બંધ કરાયો

રાજપીપળા, તા ૧૪

ડભોઈ – સેગવા – પોઈચા રાજપીપળા રસ્તા પર પોઈચા ગામ પાસે આવેલા નર્મદા નદીના પુલ પર તા.૦૭/૧૧/૨૦૨૦ ના રોજ આવેલ ભુકંપને કારણે થયેલ સેટલમેન્ટનું સમારકામ કરવાનું હોવાથી તા.૧૭/૦૨/૨૦૨૧ થી તા.૧૭/૦૩/૨૦૨૧ (એટલેકે ૧ (એક) માસ સુધી) સુધી રસ્તો સંપૂર્ણપણે વાહનવ્યવહાર માટેબંધ કરાયો છે.

આ અંગેકાર્યપાલક ઈજનેર જિલ્લા (મા. વિભાગ) વડોદરાના જાહેરનામા મુજબ ડભોઈ – સેગવા – પોઈચા – રાજપીપળા રસ્તા પર પોઈચા ગામ પાસે આવેલા નર્મદા નદીના પુલનું સમારકામ તા.૧૭/૦૨/૨૦૨૧ થી તા. ૧૭/૦૩/૨૦૨૧ (એટલેકે ૧ (એક) માસ) દરમ્યાન ચાલનાર હોઈ સદર રસ્તો સંપૂર્ણપણે વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવેલ છે. આ રસ્તો બંધ થતા હવેથીવડોદરાથી રાજપીપળા જતાં વાહનોએ અવર-જવર માટે વડોદરા – ડભોઈ – તિલકવાડા - ગરૂડેશ્વર રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. એ ઉપરાંત સેગવા ચોકડીથી રાજપીપળા જતાં વાહનોએ અવર-જવર માટે સેગવા – ડભોઈ – તિલકવાડા – ગરૂડેશ્વર રસ્તાનો ઉપયોગ કરવા નો રહેશે. તેમજ રાજપીપળા થી વડોદરા જવા માટે રાજપીપળા - ગરૂડેશ્વર - તિલકવાડા - ડભોઈ થઈ વડોદરા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

તસવીરઃ જ્યોતિ જગતાપ

# રાજપીપળા પંથકમા ડ્રિપ એરીગેશનની પાઈપોની ચોરીનો સીલ સીલો જારી

રાજપીપળા, તા ૧૪

રાજપીપળા પંથકમા ડ્રિપ એરીગેશનની પાઈપોની ચોરીનો સીલ સીલો જારી રહયો છે. ભચરવાડા ગામની સીમમાથી રૂ. ૮૦,૦૦૦/-ની કીમત ની પાઈપોની ચોરીની ફરિયાદ રાજપીપળા પોલીસ મથકે નોંધાઈ છે. જેમા ફરિયાદી રાજેન્દ્રભાઈ પ્રવીણભાઈ પટેલ (રહે,હજારપરા,પટેલ ફળિયુ)એ કોઈ અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ કરી છે. ફરિયાદની વિગત મુજબ ફરિયાદી રાજેન્દ્રભાઈની ભચરવાડા ગામની સીમમાથી ખાતા નંબર.૫૧૭ તથા સર્વે નંબર.૫૯૫ની પીયતવાળી આશરે સાડાચાર એકર જમીનમાં શેઢે મુકેલ ડ્રિપ એરીગેશનની પાઈપની જેની આશરે કિં. રૂ. ૮૦,૦૦૦/- થાય છેતેની રાત્રિના સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમે ચોરી કરી નાસી જતા ચોરીની ફરિયાદ કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ,રાજપીપળા

# પાલનપુર પાલિકાના વોર્ડ નં.૮ માં ઉમેદવારને ટિકીટ ન મળતા સ્થાનિકો રોષે ભરાયા

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં નગરપાલિકાની ચુંટણીમાં કેટલાંક વોર્ડમાં સ્થાનિક લોકોના માનીતા ઉમેદવારોને ભારતીય જનતા પાર્ટી દ્વારા મેન્ડેટ આપવામાં ન આવતા સ્થાનિક લોકોમાં ભાજપ સામે ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. તેમાં વોર્ડ નં.૮ માં પણ સ્થાનિક લોકો ના કહેતા એક ઉમેદવારને ભાજપે ટિકિટ ન આપતાં સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

રાજ્યભરમાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓ આગામી દિવસોમાં યોજાનાર છે. ત્યારે પાલનપુર નગરપાલિકાની ચુંટણીમાં વોર્ડવાઈઝ ટિકીટ ફાળવણી થઈ ચુકી છે ત્યારે ભાજપના મોટા માથા માધુભાઈ રાણા, દિપક પટેલ, અને અમરતભાઈ દાઢી દ્વારા ટીકીટ આપવામાં વ્હાલા દવાલાની નીતિ અપનાવવામાં આવી હોય એવુ લોક મુખે ચર્ચાઈ રહ્યું છે પક્ષમાં રજૂઆત કરી મોટાભાગના વોર્ડમાં સર્જાયા છે. પાલનપુર શહેરના વોર્ડ નં.૮ માં લોકોના ચાહીતા ઉમેદવારને ભારતીય જનતા પાર્ટી દ્વારા ટિકિટ મળશે તેવી આશા હતી. પરંતુ આ આશા પર પાણી ફરી વળતાં ભારતીય જનતા પાર્ટી સામે ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.